અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ સાતમ | અંક : ૧૯૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ



### ઈંગ્લેન્ડની સામે ટીમ ઈન્ડિયા માટે સરફરાઝ ખાને ડેબ્યુ

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ રહી છે. આ ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમમાં ચાર મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. ભારતીય ટીમના પ્લેઈંગ-૧૧માં સરફરાઝ ખાનને સામેલ કરવામાં આવ્યો છે. સરફરાઝ આજે ભારત તરફથી ટેસ્ટ ડેબ્યુ કરશે. તેને ટોસ પહેલા ભારતીય ટીમની કેપ આપ વામાં આવી હતી. સરફરાઝ કેપ સાથે સ્ટેડિયમમાં હાજર તેના પિતા પાસે પહોંચ્યો હતો. ભારતીય ટીમની કેપ જોઈને સરફરાઝના પિતા પોતાના આંસુ રોકી શક્યા ન હતા.

### દાતા પાસેથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ બાબતે ભારતે યુએસને પછાડ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

જીવિત દાતા પાસેથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની બાબતમાં ભારતે અમેરિકા સહિત અનેક દેશોને પછાડીને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરનારા દુનિયાના ટોચના દસ દેશોમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. એટલુ જ નહીં ૭૫ વર્ષોમાં પ હેલી વખત મૃત દાતાઓ પાસેથી અંગ લઈને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં એક હજારનો આંકડો પાર કરી લીધો છે. જોકે, સરકાર ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના આ આંકડાઓથી સંતુષ્ટ નથી. નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (નોટ્ટો)ના ડાયરેક્ટર ડો. અનિલ કુમારે જણાવ્યુ કે ૨૦૨૩માં ભારતીય હોસ્પિટલોએ પહેલી વખત એક વર્ષમાં ૧૬,૯૪૧ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે.

## ચૂંટણી બોન્ડ મામલે સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# મોટી રકમના ડોનેશનને છુપાવવા એ ગેરબંધારણીય : ચૂંટણી બોન્ડ પર રોક

### સરકારને પૈસા ક્યાંથી મળે છે એ પણ સૌને જાણવાનો અધિકાર છે : તમામ રાજકીય પાર્ટીના ચૂંટણી બોન્ડની વિગતો જણાવવા એસબીઆઈને નિર્દેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

સુપ્રીમકોર્ટે ચૂંટણી બોન્ડ મામલે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં કહ્યું હતું કે મોટી રકમના ડોનેશનને છુપાવવા એ ગેરબંધારણીય છે. સરકારને પૈસા ક્યાંથી મળે છે એ પણ સૌને જાણવાનો અધિકાર છે. ચૂંટણી બોન્ડ પર અમે રોક લગાવી રહ્યા છીએ. ચૂંટણી બોન્ડને આરટીઆઈ એક્ટનું ઉલ્લંઘન ગણાવતાં સુપ્રીમકોર્ટે એસબીઆઈને પણ આદેશ આપ્યો હતો કે તે આગામી ત્રણ અઠવાડિયામાં ચૂંટણી બોન્ડને લગતી તમમ જાણકારી જાહેર કર. તેના માટે ૬ માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો છે. એસબીઆઈએ ૨૦૧૯થી અત્યાર સુધીની તમામ જાણકારી જાહેર કરવા કહેવામાં આવ્યું છે. એસબીઆઈએ હવે દરેક બોન્ડની જાણકારી જાહેર કરવા કહી દેવામાં આવ્યું છે. આ સાથે સુપ્રીમકોર્ટે ચૂંટણીપંચને પણ ચૂંટણી બોન્ડને લગતી તમામ જાણકારીઓ તેની વેબસાઈટ પર અપ ડેટ કરવા કહેવામાં આવ્યું છે. એસબીઆઈને કહેવાયું છે કે તે ચૂંટણી બોન્ડની જાણકારી ૩ અઠવાડિયામાં ચૂંટણી પંચ સાથે શેર કરે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી બોન્ડને



ગેરબંધારણીય અને આરટીઆઈનું ઉલ્લંઘન કરનારું જાહેર કરતાં પાંચ જજોની બેન્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો. સુપ્રીમકોર્ટની બેન્ચે કહ્યું કે જે બોન્ડ કેશ નથી થતાં તેને પાછા લઈ લેવામાં આવે. ચૂંટણીપંચને પણ ૧૩ માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ ડેડલાઈન સુધીમાં ચૂંટણીપંચે તેની વેબસાઈટ પર ચૂંટણી બોન્ડને લગતી તમામ માહિતીઓ એસબીઆઈ પાસેથી મેળવીને અપલોડ કરવાની રહેશે. સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે લોકોને એ જાણવાનો અધિકાર છે કે રાજકીય પક્ષોને કોણે અને કેટલું ડોનેશન આપ્યું? સુપ્રીમકોર્ટનો આ ચુકાદો કેન્દ્ર સરકાર માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. જે ચૂંટણી બોન્ડ ૧૫ દિવસની વેલિડિટીના પીરિયડમાં છે પરંતુ અત્યાર સુધી રાજકીય પક્ષો દ્વારા તેને રોકડમાં વટાવાયા નથી તે બોન્ડ ખરીદારને પરત કરવામાં આવે. આ બોન્ડ ઈશ્યૂ કરનાર બેંક બોન્ડની રકમ ખરીદારને રિફંડ કરે. દરમિયાનમાં,સુપ્રીમકોર્ટે ગુરુવારે ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવતાં તેની કાયદેસરતાને રદ કરી દીધી. ટોચની કોર્ટે તેના ચુકાદામાં સ્વીકાર્યું કે ચૂંટણી બોન્ડની ગોપનીયતા કલમ ૧૯(૧)(એ) હેઠળ માહિતી મેળવવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. ભારતીય સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું કે ચૂંટણી બોન્ડ મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને તે બ્લેક મની પર અંકુશ લગાવવાની એકમાત્ર રીત નથી. સુપ્રીમકોર્ટે બેંકોને ચૂંટણી બોન્ડનું વેચાણ તાત્કાલિક ધોરણે બંધ કરવા આદેશ કર્યો હતો.

## વડાપ્રધાન મોદીએ કતારના PM સાથે કરી મુલાકાત

# ભારતના આઠ પૂર્વ નૌસૈનિકોની મુક્તિ બાદ દોહા પહોંચ્યા મોદી

। દોહા, તા.૧૫ ।

ભારત અને કતાર વચ્ચેના ઐતિહાસિક ઘનિષ્ઠ અને મૈત્રીપ ૂર્ણ સંબંધોને વધુ મજબૂત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કતાર પ હોંચ્યા હતા. કતારના વિદેશ રાજ્ય મંત્રી સુલતાન બિન સાદ અલ-મુરૈખીએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું. આ પછી ભારતીય સમુદાયે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા અને ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પીએમ મોદીએ ટ્વિટ કરીને લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. "દોહામાં સ્વાગત! હું ભારતીય લોકોનો આભારી છું. ૨૦૧૪ બાદ વડાપ્રધાન તરીકે મોદીની કતારની આ બીજી મુલાકાત છે.

યુએઈનો પ્રવાસ પૂરો કરીને પીએમ નરેન્દ્ર મોદી કતાર પહોંચી ગયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે રાતે બે દિવસના કતાર પ્રવાસ અંતર્ગત રાજધાની દોહા પ હોંચ્યા હતા દોહા પહોંચ્યા બાદ તેમણે કતારના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલરહેમાન અલ થાની સાથે બેઠક કરી. બેઠક



કહ્યું કે કતારના પીએમ સાથે તમની મુલાકાત શાનદાર રહી. બંને નેતાઓ વચ્ચે ભારત-કતાર મિત્રતા વધારવા અંગે ચર્ચા થઈ.

વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી બન્યા બાદ નરેન્દ્ર મોદીનો આ બીજો કતાર પ્રવાસ છે. અત્રે જણાવવાનું કે તેમણે પહેલીવાર કતારનો પ્રવાસ જૂન ૨૦૧૬માં કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે પીએમ મોદીનો આ પ્રવાસ કતાર સાથે ઐતિહાસિક અને ગાઢ સંબંધોને પ્રોત્સાહન આપશે. નોંધનીય છે કે પીએમ મોદીનો આ પ્રવાસ એવા સમયે થયો છે.

## કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે રાયબરેલીના લોકોને પત્ર લખ્યો

# આરોગ્યને ધ્યાને રાખી હું ચૂંટણી નહીં લડું : સોનિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઉત્તરપ્રદેશના રાયબરેલીના લોકોને ગુરુવારે એક પત્ર લખ્યો છે. તેમણે જિલ્લાની જનતાએ આપેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત તેમણે રાબરેલીની લોકસભા ચૂંટણી ન લડવાનું કારણ પણ જણાવ્યું છે. તેઓ ૨૦૦૪થી સતત રાયબરેલીની લોકસભા બેઠક પરથી જીતતા આવ્યા છે. આવું પ્રથમવાર બન્યું છે કે, તેઓ ત્યાંથી ચૂંટણી નહીં લડે. તેમણે કહ્યું કે, આરોગ્ય અને ઉંમરને ધ્યાને રાખી મેં લોકસભા ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે, 'મારો પરિવાર દિલ્હીમાં અધૂરો છે, તેથી રાયબરેલીમાં આવી, આપ સૌને મળ્યા બાદ મારો પરિવાર પૂરો થાય છે. આપણા સંબંધો ઘણા જ જૂના છે અને સૌભાગ્યની જેમ સાસરુ પણ મળ્યું છે. મારો રાયબરેલી સાથેનો પારિવારિક સંબંધો પણ ખૂબ મજબુત છે. આપ લોકોએ આઝાદી બાદ પ્રથમ લોકસભા ચૂંટણીમાં મારા સસરા ફિરોજ ગાંધીને અહીંથી જીતાળી દિલ્હી મોકલ્યા હતા. ત્યારબાદ તમે મારી સાસુ ઈન્દિરા ગાંધીને પણ પોતાના બનાવી દીધા. ત્યારથી અત્યાર સુધી આ સિલસિલો આગળ વધતો ગયો.' તેમણે વધુમાં કહ્યું કે, 'સાસુ અને જીવનસાથીને હંમેશા ગુમાવ્યા બાદ હું તમારી પાસે આવી હતી.

# કાશ્મીરની તમામ પાંચ બેઠક પર ફારુખ અબ્દુલ્લાનો પક્ષ ચૂંટણી લડશે

। (એજન્સી) શ્રીનગર, તા.૧૫ ।

દલ્હી, પંજાબ અને ઉત્તર પ્રદેશ બાદ હવે જમ્મુ અને કાશ્મીરમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લા એ જમ્મુ અને કાશ્મીરની તમામ ૫ લોકસભા બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમના અચાનક નિર્ણયથી મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. ઈન્ડિયાબ્લોકને મોટો ઝટકો આપતા નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અને શ્રીનગર મતવિસ્તારના હાલના સાંસદ ડૉ. ફારુક અબ્દુલ્લાએ આજે શ્રીનગરમાં પાર્ટી હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે તેઓ એ સ્પષ્ટ કરવા માગે છે કે નેશનલ કોન્ફરન્સ ચૂંટણી પહેલા કોઈપણ ગઠબંધનમાં જોડાશે નહીં અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે. તેમણે તમામ અટકળોને પર પૂર્ણવિરામ મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે તેમના આ અચાનક નિર્ણયે બધાને ચોંકાવી દીધા છે.

# Paytm બાદ Visa-Mastercard દ્વારા બિઝનેસ પેમેન્ટ રોકવાનો આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

પેટીએમ પેમેન્ટ બેંક સામે પગલાં લીધા બાદ રિઝર્વ બેંકે વધુ એક મોટો નિર્ણય લીધો છે. RBIના આદેશમાં વિઝા અને માસ્ટરકાર્ડ નેટવર્કને નાના સાહસો દ્વારા કરવામાં આવતી કાર્ડ આધારિત કોમર્શિયલ ચૂકવણીને રોકવા માટે કહેવામાં આવ્યું છે. ઈકોનોમિક ટાઈમ્સમાં છપાયેલા સમાચાર અનુસાર, અન્ય બિઝનેસ આઉટલેટ્સ પર થઈ રહેલા વ્યવહારો પણ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યા છે. જો કે, સેન્ટ્રલ બેંક દ્વારા આ પગલું શા માટે લેવામાં આવ્યું તે અંગે સાચી માહિતી બહાર આવી નથી. એવું માનવામાં આવે છે કે RBIએ આ પગલું ભરવા પાછળનું કારણ એ છે કે રેગ્યુલર કેવાઈસીનું પાલન નહીં કરનાર નાના વેપારીઓ મારફતે થનાર ટ્રાન્જેક્શનને લઈને ચિંતિત છે. એક ફિનટેક સ્ટાર્ટઅપના સ્થાપકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આ સેક્ટરમાં કામ કરતી ફિનટેક્સને આગામી આદેશો સુધી કોમર્શિયલ કાર્ડ દ્વારા કરવામાં આવતી બિઝનેસ પેમેન્ટ રોકવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે આ પગલા પછી ભાડું અને ટ્યુશન પેમેન્ટને અસર થઈ શકે છે. પછી કેટલીક ફિનટેકે આવા વ્યવહારો સ્થગિત કરવા વિશે વિચારવું પડશે.







## નઈ દિશા-સ્માઇલ ફોર જુવેનાઇલના ચોથા તબક્કાનો પ્રારંભ કરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્યે ઈન્ડિયન ઓઈલના ટોચના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ અને જેલ અધિકારીઓની હાજરીમાં 'પરિવર્તન-પ્રિઝન ટુ પ્રાઈડ' ના સાતમાં અને 'નઈ દિશા-સ્માઈલ ફોર જુવેનાઈલ' ના ચોથા તબક્કાનો શુભારંભ કર્યો હતો. પરિવર્તનનો સાતમો તબક્કો અને નઈ દિશાનો ચોથો તબક્કો ૧૧ જેલો અને ૧૨ જુવેનાઈલ હોમ્સને આવરી લેશે, જેમાં ૧૪ રાજ્યોમાં આશરે ૧૧૧૫ સહભાગીઓને આવરી લેવામાં આવશે. આ અનોખા સામાજિક સંરક્ષણ કાર્યક્રમોના આગામી તબક્કાઓનું ઉદ્ઘાટન કરતા એસ. એમ. વૈદ્યે જણાવ્યું હતું કે, "'રાષ્ટ્ર પ્રથમ' ના અમારા મૂળ મૂલ્યને અનુરૂપ એવી કારોબાર સિવાયની આ પહેલ અંગે અમે અત્યંત ગર્વનો અનુભવ કરી રહ્યાં છીએ. તેનો હેતુ શારીરિક અને માનસિક સુખાકારીની સાથે સાથે જ રમતગમત દ્વારા જેલના કેદીઓ અને કિશોરોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો છે. શિસ્ત, ટીમ વર્ક, દ્રઢતા અને હેતુ આપવામાં સ્પોર્ટ્સની મહત્વની ભૂમિકા છે. વાસ્તવમાં આ પ્રયાસ માટે અત્યાર સુધી આપણને વૈશ્વિક સ્તરે જે સન્માન અને ઓળખ મળી છે તેનાથી આ પહેલને વધુ વિસ્તારવાનો આપણો સંકલ્પ વધુ મજબૂત બન્યો છે. બાળસંરક્ષણ ગૃહમાં યુવા કેદીઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલી 'નઈ દિશા' વિશે વિસ્તારથી જણાવતા વૈદ્યે જણાવ્યું હતું કે, "અમે સમજીએ છીએ કે પ્રારંભિક વર્ષો મહત્વપૂર્ણ છે અને તેને ધ્યાનમાં રાખીને યુવાનોને વિકાસના માર્ગ તરફ દોરવામાં મદદ કરવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે.

## મહેસાણામાં આવેલો આંબેડકર બ્રિજનો એક ભાગ બેસી ગયો

। (એજન્સી) મહેસાણા, તા.૧૫ ।

ગુજરાતમાં વધુ એક બ્રિજમાં ભ્રષ્ટાચારના ગાબડા જોવા મળ્યા છે. જેમાં મહેસાણામાં આવેલો આંબેડકર બ્રિજનો એક ભાગ બેસી ગયો છે. આ કારણે વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. ગુજરાતભરમાં છેલ્લા કેટલાક સમયથી બ્રિજ તેમજ રાજમાર્ગો પર ગાબડા પડવા તેમજ રોડ બેસી જવાના કિસ્સાઓ સામે આવી રહ્યાં છે. ત્યારે હવે વધુ એક બ્રિજમાં ગાબડું પડ્યું છે. મહેસાણા-વિસનગર રિંગને જોડતા આંબેડકર બ્રિજ આજે વહેલી સવારે બેસી ગયો હતો. બ્રિજના ઉપરના ભાગે જોડતી એક્સલ અને રોડ વચ્ચે બે ફૂટનું ગાબડું પડ્યું હતું. બ્રિજ પર ગાબડું પડતા જ વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ બ્રિજને રીપેર કરવા તંત્રને અનેકવાર રજૂઆત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪માં આ બ્રિજ બનીને તૈયાર થયો હતો. આ પહેલીવાર નથી કે બ્રિજ પર ગાબડા પડ્યા હોય, આ પહેલા પણ વરસાદમાં બ્રિજ ચાર વખત તૂટ્યો છે અને દર વખતે તંત્ર પોતાની આબરૂ બચાવવા માટે થીગડાં મારે છે. આ બ્રિજ પર દરરોજ અનેક વાહનો પસાર થાય છે ત્યારે વાંરવાર બ્રિજ તૂટવાના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેમ છતાં તંત્ર નક્કર પગલાં લેતું નથી.

# ડુમસમાં પ્રેમી-પ્રેમિકા વચ્ચેના વિવાદમાં જાહેરમાં ગોળી ચલાવી

### આ સમગ્ર ઘટના બાદ ડુમસ પોલીસ દ્વારા પ્રેમિકાની ફરિયાદ લઈ પ્રેમી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) સુરત, તા.૧૫ ।



સુરતના ડુમસ પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલી હોટલમાં બે દિવસ અગાઉ થયેલી ફાયરિંગની ઘટનામાં ડુમસ પોલીસ દ્વારા ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટના પાછળનું કારણ પ્રેમી અને પ્રેમિકા વચ્ચે થયેલા ઝઘડો હોવાનું સામે આવ્યો છે. હોટલમાં રોકાયેલા પ્રેમી અને પ્રેમિકા વચ્ચે ઝઘડો થયો હતો. જે બાદ પ્રેમિકાએ પોતાના અન્ય ત્રણ મિત્રોને બોલાવી લેતા માથાકૂટ થઈ હતી. પ્રેમી અને પ્રેમિકા વચ્ચે થઈ રહેલા ઝઘડા દરમિયાન ત્યાં આવી પહોંચેલા પ્રેમિકાના ત્રણ મિત્રોએ પ્રેમીની લાઈસન્સ વાળી રિવોલ્વર આંચકી એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કરી દીધું હતું. બે દિવસ અગાઉ બનેલી આ ઘટના બાદ અંતે મોડે મોડે ડુમસ પોલીસ દ્વારા સામસામે ગુનો દાખલ કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના ડુમસ ખાતે આવેલી વિકેન્ડ હોમ હોટેલમાં બે દિવસ અગાઉ ફાયરિંગની ઘટના બની હતી. ડુમસ પોલીસ માથકના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર,વિકેન્ડ હોમ નામની હોટલમાં ફાયરિંગની આ ઘટના બની હતી. હોટેલમાં રોકાયેલા પ્રેમી અને પ્રેમિકા વચ્ચે કોઈક બાબતે માથાકૂટ થઈ હતી. બંને વચ્ચે ચાલી આવેલા ઝઘડાના પગલે પ્રેમિકાએ પોતાના અન્ય ત્રણ મિત્રોને હોટલ પર બોલાવી લીધા હતા. હોટલ પર આવી ચઢેલા ત્રણે મિત્રો અને પ્રેમી વચ્ચે બોલાચાલ અને ઝઘડો થયો હતો. ઝપાઝપી બાદ પ્રેમી પાસે રહેલી લાઈસન્સવાળી રિવોલ્વર આંચકી પ્રેમિકાના ત્રણ પૈકીના એક મિત્રએ હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કરતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણકારી હોટેલ સંચાલકો દ્વારા પોલીસને કરતા ડુમસ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને તપાસ હાથ ધરી હતી. હોટેલમાં લાગેલા સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, પ્રેમી દ્વારા પોતાની પ્રેમિકાના લમણે રિવોલ્વર તાંકી દેવામાં આવી હતી.આ સમગ્ર ઘટના બાદ ડુમસ પોલીસ દ્વારા પ્રેમિકાની ફરિયાદ લઈ પ્રેમી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી હતી. તો બીજી તરફ ફાયરિંગ કરનારા પ્રેમિકાના ત્રણ પૈકીના એક મિત્ર દ્વારા કરાયેલ હવામાં એક રાઉન્ડ ફાયરિંગ અને માથાકૂટની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે કેસમાં પ્રેમીએ ફરિયાદ આપતા કાર્યવાહી કરવામાં આવી હતી.

# પોતાના લગ્નની ખરીદી માટે નીકળેલા યુવકને ટેમ્પાએ કચડ્યો

### ભાવનગરના જ્વેલ્સ સર્કલ પાસે કાળમુખી ટેમ્પા નીચે કચડાયેલા રત્ન કલાકારના મોતથી પરિવારમાં માતમ છવાયો

। (એજન્સી) ભાવનગર, તા.૧૫ ।

ભાવનગરના જ્વેલ્સ સર્કલ પર મહાકાળ ટેમ્પા નીચે કચડાઈ જતા એક યુવકનું કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતું. યુવાન લગ્નની ખરીદી કરી ઘરે જઈ રહ્યો હતો ત્યારે કાળ આંબી ગયો હતો. પરિવારે સપનામાં પણ વિચાર્યું નહિ હોય કે ૨૫ દિવસ બાદ જે વ્હાલસોયાના લગ્ન લેવાયા હતા, ત્યાં હવે માતમ છવાશે. લગ્નના ૨૧ દિવસ પહેલા જ્વેલ્સ સર્કલે અકસ્માતમાં યુવાનનું મોત નિપજ્યું હતું.



ગઈકાલે ભાવનગરના જ્વેલ્સ સર્કલ પાસે છકડો અને એક્ટિવા બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લોખંડના ભારેખમ સળિયા ગેરકાયદે લઈ જતા છકડાએ પૂરપાટ ઝડપે લઈ જતા સમયે એક્ટિવા બાઈકને અડફેટે લીધું હતું. જેમાં લોખંડના ભારેખમ સળિયા માથે પડતા એક્ટિવા ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત થતા લોકોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા, પરંતુ માનવતા મરીપરવારી હોય તેમ લોકો ઈજાગ્રસ્તને નીહાળવામાં મશગુલ જોવા મળ્યા હતા. ત્યારે એક મીડિયાકર્મી દ્વારા ૧૦૮ ને કોલ કરી માહિતી આપતા ૧૦૮ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તને યુવકને તાત્કાલિક ૧૦૮ દ્વારા ગંભીર હાલતે સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન ઈજાગ્રસ્ત એક્ટિવા ચાલકનું મોત નીપજ્યું હતું. યુવકના મોતની જાણ થતા જ તેનો પરિવાર હોસ્પિટલમાં દોડી આવ્યો હતો. પરિવારે દીકરાના મોત પર ભારે આક્રંદ મચાવ્યો હતો.

જોકે, મૃતક યુવકનું નામ સુમિત ઉર્ફે સામત બાબરિયા છે. તે ભાવનગરના બોર તળાવ વિસ્તારમાં આવેલ ધોબી સોસાયટીમાં પરિવાર સાથે રહેતો. આગામી ૬ માર્ચના રોજ સુમિતના લગ્ન લેવાયા હતા.

રત્નકલાકારનું કામ કરતા સુમિતના આગામી મહિને લગ્ન હોઈ તે લગ્નની વસ્તુ લઈ પોતાના ઘરે જઈ રહ્યો હતો ,ત્યારે ટેમ્પાની સાથે અકસ્માત થતા મોત નિપજ્યુ હતું. સુમિત પર લોખંડના વજનદાર સળિયા પડતા તે તેની નીચે ચગદાઈ ગયો હતો.




ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનું નવું બિલ્ડીંગ બની ગયેલ છે પરંતુ હજુ સુધી ઉદ્ઘાટન કરવામાં આવેલ નથી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ ફેબ્રુઆરીએ આવશે ગુજરાત



। અમદાવાદ, તા.૧૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ ફેબ્રુઆરીએ ગુજરાત મુલાકાતે આવવાના છે. આ મુલાકાત દરમિયાન તેઓ આણંદ, નવસારી અને મહેસાણાના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે, તેમજ ગુજરાતને વિકાસકામોની ભેટ આપવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાપી જિલ્લાની મુલાકાતે જાય તેવી પણ શક્યતા છે, જ્યાં તેઓ કાકરાપાર ખાતે બનેલા ૭૦૦-૭૦૦ મેગાવોટના બે પ્લાન્ટ દેશને સમર્પિત કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ ફેબ્રુઆરીએ ફરી ગુજરાત આવશે.તેઓ મહેસાણાના તરભ ગામના વાળીનાથ ધામની મુલાકાત લેવાના છે. તરભ ગામમાં વાળીનાથ મહાદેવ મંદિરમાં પ્રાણ-પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવમાં વડાપ્રધાન ખાસ હાજરી આપશે.આ દરમિયાન કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને યોગી આદિત્યનાથ સહિતના પ્રધાનો ઉપસ્થિત રહેવાના છે. આ પ્રવાસ અંગે વાળીનાથ મહાદેવ મંદિરના મહંત જયરામગીરી બાપુએ માહિતી આપી હતી. વાળીનાથ મહાદેવ મંદિરમાં ૧૬થી ૨૨ ફેબ્રુઆરી સુધી પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાવાનો છે. જેમાં ભારતના સંતો-મહંતોની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ ભવ્ય મહોત્સવમાં દૈનિક ૩ લાખ લોકો દર્શનનો લાભ લેશે તેવો અનુમાન છે. તો ૨૨ ફેબ્રુઆરીએ પ્રાણ-પ્રતિષ્ઠામાં ૫ લાખથી વધુ ભક્તો ઉમટે તેવી શક્યતા છે.

આ સાથે જ તેઓ આણંદમાં ƒઝસ્સ્લ્ અમૂલના ગોલ્ડન જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારા કાર્યક્રમમાં ˝સ હાજર રહેશે. વડાપ્રધાન સાથે અમિત શાહ પણ કાર્યક્રમમાં હાજર રહેશે. ૨૨મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવસારી અને તાપી પણ જઈ શકે છે. નવસારી ખાતે પીએમ મિત્રા એપરેલ પાર્કનું ખાતમૂહૂર્ત કરશે. પીએમ મિત્રા પાર્ક ઉપરાંત કરોડોના વિકાસના કામોનું લોકાર્પણ કરશે. વડાપ્રધાન વર્ચ્યુઅલ માધ્યમથી સુરત મહાનગરપાલિકાને વિકાસની ભેટ ધરશે. ૧૧૩૦ કરોડના ૧૪ વિકાસના કામોનું લોકાર્પણ વડાપ્રધાન કરશે.

**વિશેષ** — મહેસાણાના આંબેડકર બ્રિજ મામલે સ્થાનિકો દ્વારા અવારનવાર તંત્રને રજૂઆતો કરવામાં આવી છે કે એને યોગ્ય રીતે રીપેર કરવામાં આવે

# અનેક વાર રિપેર કરાયેલા બ્રિજમાં ભ્રષ્ટાચારનું મોટું ગાબડું! આંબેડકર બ્રિજને લોકોની અવરજવર માટે બંધ કરાયો

મહેસાણાનો એક એવો બ્રિજ કે જેનો રોડ દર વર્ષે ચોમાસામાં તૂટી જાય છે. મહેસાણાનો એક એવો બ્રિજ કે જેનું આયુષ્ય અંદાજે ૫૦ વર્ષનું હોવાનું અધિકારી કહી રહ્યા છે. પરંતુ ૧૦ વર્ષમાં જ તૂટવા લાગ્યો. મહેસાણાનો એક એવો બ્રિજ કે જેને રીસરફેસ માટે ગ્રાન્ડ પણ ફાળવી દેવાઈ હતી. પણ સમયસર રિપેર ન કરાતા ઉપરથી નીચે દેખાય એવું આરપાર બ્રિજમાં ગાબડું પડી ગયું. આવો તો આપને બતાવીએ મહેસાણાનો ભ્રષ્ટાચાર થી ભરપૂર ભરાયેલો આ બ્રિજ કે જે હવે લોકો માટે જોખમી બની ગયો છે. કે જેનું બબ્બે વખત ઉદ્ઘાટન અને નામાભિધાન કાર્યક્રમ ધામધૂમથી કરવામાં આવ્યા હતા.





મહેસાણા શહેરના વિસનગર લિંક રોડ પર આવેલા આંબેડકર બ્રિજને આજે વહેલી સવારથી લોકોની અવરજવર માટે તાત્કાલિક બંધ કરી દેવાયો. બંધ કરવાનું કારણ એ હતું કે બ્રિજની મધ્યમાં એક્સપાન્શન જોઈન્ટ માં ગાબડું પડી ગયું. અને આ ગાબડું એવડું મોટું હતું કે એ ગાબડામાં નથી દેખાતો ઉપરનો ડામર કે નથી દેખાતું એના નીચેનું કોક્રીટ , સીધું દેખાય છે તો બ્રિજની ઉપરથી આર પર નીચેનો ભાગ. જી હા આ ગાબડું નહીં પણ બ્રિજમાં હોલ પડી ગયો હોય એમ આરપાર દેખાઈ રહ્યું છે. આ ગાબડા માં બ્રિજની અંદરના સળિયા પણ બહાર સ્પષ્ટ દેખાય છે. કોંક્રિટ અને કપચી હાથમાં લેતા ખરવા લાગે છે.

હવે તમને એમ લાગશે કે આ બ્રિજ વર્ષો જૂનો હશે પરંતુ હકીકતમાં આ બ્રિજને બને માત્ર દસ વર્ષ જ થયા છે. તા.૧૦.૦૨.૨૦૧૪ એ આ બ્રીજનું ઉદઘાટન અને તા.૧૪.૦૪.૨૦૧૭ એ આ બ્રીજનું નામાભિધાન કરાયું હતું. ઉદ્ઘાટન અને નામાભિધાન બાદ પણ દર વર્ષે જ્યારે ચોમાસામાં સામાન્ય વરસાદ પડે એટલે બ્રિજના રોડનું ધોવાણ થાય અને મોસ્ટ મોટા ખાડા પડે અને સળિયા દેખાવા લાગે. ચોમાસું જાય એટલે ફરીથી રોડને રી સરફેસ કરી રીપેર કરી દેવાય. પણ અત્યાર સુધી કોઈએ એવી તપાસ ના કરી કે બ્રિજ બનાવનાર એજન્સીએ આ બ્રિજને ગુણવત્તા વાળો ભ્રષ્ટાચાર મુક્ત બ્રીજ બનાવ્યો છે કે નહીં! આખરે જાણે ભ્રષ્ટાચાર છાપરે ચડીને પોકારતું હોય એમ બ્રિજના મધ્ય ભાગમાં એક્સપાન્શન જોઈન્ટ માં અચાનક ગાબડું પડી ગયું. અને ઘટનાને પગલે માર્ગ અને મકાન વિભાગ અને રેલવેના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા. સ્થળ સ્થિતિ ની ગંભીરતા જોતા બ્રિજ બંને બાજુથી તાત્કાલિક બંધ કરી દેવાયો. આખરે જાણે ભ્રષ્ટાચાર છાપરે ચડીને પોકારતું હોય એમ બ્રિજના મધ્ય ભાગમાં એક્સપાન્શન જોઈન્ટ માં અચાનક ગાબડું પડી ગયું. અને ઘટનાને પગલે માર્ગ અને મકાન વિભાગ અને રેલવેના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા. સ્થળ સ્થિતિ ની ગંભીરતા જોતા બ્રિજ બંને બાજુથી તાત્કાલિક બંધ કરી દેવાયો.

# વડાપ્રધાન મોદીએ અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરનું કર્યું લોકાર્પણ

## મહંત સ્વામી મહારાજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું મોદીએ પણ મહંત સ્વામી મહારાજને અભિનંદન પાઠવ્યા

। (એજન્સી) અબુ ધાબી, તા.૧૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે સંયુક્ત આરબ અમીરાત (UAE)ની રાજધાની અબુ ધાબીમાં છે. અહીં તેમણે બુધવારે પ્રથમ હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પહેલા મંગળવારે તેમણે અબુ ધાબીના શેખ જાયદ સ્ટેડિયમમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધિત કર્યા હતા. વડાપ્રધાન બન્યા બાદ પીએમ મોદીની યુએઈની આ સાતમી મુલાકાત છે. પીએમ મોદીએ ૨૦૧૫માં પહેલીવાર UAEની મુલાકાત લીધી હતી.

૩૪ વર્ષમાં આ પ્રથમ વખત હતો જ્યારે કોઈ ભારતીય વડાપ્રધાન યુએઈની મુલાકાતે ગયા હતા. બુધવાર સવારથી અબૂ ધાબીના હિન્દુ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા અનુષ્ઠાન ચાલી રહ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ મંદિરને બંને તરફ ગંગા અને યમુનાનું પાણી વહી રહ્યું છે. જેને ખાસ ભારતથી મંગાવવામાં આવ્યું છે. સર્વ પ્રથમ મહંત સ્વામી મહારાજે પીએમ મોદીનું સ્વાગત કર્યું. પીએમ મોદીએ પણ મહંત સ્વામી મહારાજને પુષ્પ હાર પહેરાવીને અભિનંદન પાઠવ્યા હતા. પીએમ મોદીએ મંદિર ઉદ્ઘાટન કર્યું અને ત્યારબાદ મંગલાચરણ કર્યું અને પૂજન-અર્ચન કર્યા હતા. ત્યારબાદ પીએમ મોદીએ આરતી કરી હતી અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અબૂ ધાબીના પહેલા હિન્દુ મંદિરમાં પીએમ મોદી પહોંચ્યા હતા. પીએમ મોદીએ અહીં પુરોહિતોના આશીર્વાદ લીધા હતા.





પીએમ નરેન્દ્ર મોદીએ દિવ્યતા કે નૈન પ્રતિકૃતિના દર્શન કર્યા. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૮માં શિલાન્યાસ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિન્દુ મંદિરમાં આયોજિત વૈશ્વિક આરતીમાં ભાગ લઈ રહ્યા છે. આ વૈશ્વિક આરતી સમગ્ર વિશ્વમાં BAPSના ૧૫૦૦ મંદિરોમાં એક સાથે કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે અબુધાબીમાં પ્રથમ BAPS હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન તેમણે વિશેષ પૂજામાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિર પહોંચ્યા ત્યારે મહંત સ્વામી મહારાજે પીએમ મોદીનું સન્માન કર્યું હતું.

અબુ ધાબીનું BAPS સ્વામિનારાયણ મંદિર ૧૦૮ ફૂટ ઊંચું, ૨૬૨ ફૂટ લાંબુ અને ૧૮૦ ફૂટ પહોળું છે. તેને બનાવવામાં ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. મંદિરના નિર્માણમાં માત્ર ચૂનાના પથ્થર અને આરસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે મંદિરના નિર્માણ માટે ૭૦૦ કન્ટેનરમાં ૨૦,૦૦૦ ટનથી વધુ પત્થરો અને માર્બલ અબુધાબી લાવવામાં આવ્યા હતા. ઓગસ્ટ ૨૦૧૫માં UAE સરકારે અબુ ધાબીમાં મંદિર બનાવવા માટે ૧૨૩.૫ એકર જમીન ભેટમાં આપી હતી. આ પછી ૨૦૧૯માં મંદિર માટે વધારાની ૧૩.૫ એકર જમીન આપવામાં આવી. આ રીતે એકંદરે આ મંદિર સંકુલ ૨૭ એકર જમીનમાં બનેલું છે.

### ન્યૂઝ બ્રિફ

**બીસીસીઆઈમાં આ કેવો ભેદભાવ**

## હાર્દિક માટે રણજી ટ્રોફી જરૂર નહીં, તો પછી ઈશાન માટે કેમ?

**ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ડોમેસ્ટિક ક્રિકેટમાં મોટા ફેરફારોની તૈયારી કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે BCCI ડોમેસ્ટિક ક્રિકેટમાં મોટા ફેરફારોની તૈયારી કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. બોર્ડ ભવિષ્યમાં ચોક્કસ પ્રકારના ખેલાડીઓ માટે રણજી ટ્રોફીમાં રમવાનું ફરજિયાત બનાવવા માંગે છે. આ બદલાવની વાત ત્યારે શરૂ થઈ છે જ્યારે ઈશાન કિશને ઝારખંડ માટે રણજી ટ્રોફી રમવાને બદલે પોતાની ટ્રેનિંગને મહત્વ આપ્યું છે. બીસીસીઆઈ ઈચ્છે છે કે ઈશાન કિશન, કૃણાલ પંડ્યા અને દીપક ચહર જેવા ખેલાડીઓ રણજી ટ્રોફીમાં રમે, પરંતુ આ ફેરફારમાં કેટલાક અપવાદ છે. વાસ્તવમાં બોર્ડે હાર્દિક પંડ્યાને લઈને કોઈ નિર્ણય લીધો નથી કે તેણે રણજી ટ્રોફીમાં પણ રમવું પડશે. સાથે જ હાર્દિક પંડ્યા પોતાની ટ્રેનિંગ પર પણ ધ્યાન આપી રહ્યો છે. ICC વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં હાર્દિક પંડ્યાને ઈજા થઈ હતી. ત્યારથી તે ટીમ ઈન્ડિયાની બહાર છે અને હવે તે સીધો આઈપીએલ-૨૦૨૪માં પરત ફરશે. BCCIના અધિકારીએ હાર્દિક પંડ્યાને મુક્તિ આપવાનું કારણ અંગે કહ્યું કે તેણે પોતાની ઈજા અંગે કહ્યું હતું કે તેનું શરીર રણજી ટ્રોફીમાં રમી શકે તેમ નથી. તે ટેસ્ટ ક્રિકેટનો બોજ ઉઠાવી શકશે નહીં અને ભારતે તેને ICC ટુર્નામેન્ટ માટે ફિટ રાખવાની જરૂર છે. આવી સ્થિતિમાં સવાલ એ ઉઠે છે કે હાર્દિક પંડ્યાને આટલી છૂટ કેમ આપવામાં આવી રહી છે. બીસીસીઆઈના અધિકારીઓ ચિંતિત છે કે કેટલાક ખેલાડીઓ ઈન્ડિયન પ્રીમિયર લીગને પ્રાધાન્ય આપી રહ્યા છે. તેથી બોર્ડ વિચારી રહ્યું છે કે શું આઈપીએલમાં રમવા માટે ૩-૪ રણજી ટ્રોફી મેચ રમવી ફરજિયાત બનાવવી જોઈએ. એ પણ આશ્ચર્યજનક છે કે કોરોનાને કારણે ૨૦૨૦-૨૧ સિઝનમાં રણજી ટ્રોફીનું આયોજન કરવામાં આવ્યું ન હતું, જ્યારે IPL રમાઈ હતી. ૨૦૨૧-૨૨માં રણજીની સિઝન રમાઈ હતી. જોકે ત્યારે IPLને કારણે ટુર્નામેન્ટ બે તબક્કામાં રમાઈ હતી. ૩૮ ટીમોની ટુર્નામેન્ટમાં માત્ર ૬૫ મેચ રમાઈ હતી. IPL પહેલા પ્રથમ તબક્કો ૧૭ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ સુધી રમાયો હતો. ત્યારબાદ IPL પછી બીજા તબક્કાનું આયોજન ૬ થી ૨૨ જૂન સુધી કરવામાં આવ્યું હતું. દરમિયાન બંગાળના રમતગમત મંત્રી અને ભારત તરફથી રમી ચૂકેલા મનોજ તિવારીએ ખુલ્લેઆમ કહ્યું કે આ રીતે ભારતનું ઘરેલું માળખું નષ્ટ થઈ જશે, જેણે ભારતને માત્ર મહાન સચિન તેંડુલકર જ નહીં, મહેન્દ્ર સિંહ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા જ નહીં પરંતુ સેંકડો ક્રિકેટરો આપ્યા છે.

### વિશિષ્ટ દર્શન માટે રોજ ૧૦૦ પાસ આપવામાં આવશે

# રામલલ્લાના દર્શન કરવા માટે હવે ઓફલાઈન-ઓનલાઈન બનશે પાસ

## મંદિરમાં દર્શન કરવા માટે સમયની છ પાળીઓ નક્કી કરવામાં આવી

। (એજન્સી) અયોધ્યા, તા.૧૫ ।

પ્રભુ શ્રી રામના દર્શન કરવા માટે રોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ અયોધ્યા પહોંચી રહ્યા છે. દેશ વિદેશથી રોજ ભક્તો શ્રીરામના દર્શન કરવા માટે રામ મંદિર ખાતે ઉમટી રહ્યા છે. અયોધ્યા દર્શન માટે આવતા ભક્તોનો ધસારો જોઈને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દર્શન માટે ટાઈમ ટેબલ તૈયાર કરી અને પાસની વ્યવસ્થા શરુ કરવા પર વિચાર કરી રહ્યું છે.

મંદિરમાં દર્શનને લઈને સમય નક્કી કરવાની પણ યોજના છે જેથી દર્શન કરવા આવેલા દરેક ભક્તોને ભગવાનના દર્શન સારી રીતે થાય. ટ્રસ્ટ દ્વારા દર્શનના સમયને છ પાળીમાં વિભાજીત કરવાની વિચારણા ચાલી રહી છે. સાથે જ ભક્તો માટે ખાસ દર્શનના ઓનલાઈન અને ઓફલાઈન પાસની વ્યવસ્થા પર પણ વિચારણા ચાલી રહી છે. મંદિર ટ્રસ્ટ યોજના બનાવી રહ્યું છે કે ભક્તોને સામાન્ય દર્શન ઉપરાંત સુગમ દર્શન માટે પાસ આપવામાં આવે. મંદિરમાં દર્શન કરવા માટે જે છ પાળી નક્કી કરવામાં આવી છે.



**દર્શન માટેની છ પાળીનો સમય**

1. **સવારે ૭થી ૯ કલાક**
2. **સવારે ૯ કલાકથી ૧૧ વાગ્યા સુધી**
3. **બપોરે ૧ વાગ્યાથી ૩ વાગ્યા સુધી**
4. **બપોરે ૩ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી**
5. **સાંજના ૫થી ૭ કલાક સુધી**
6. **સાંજના ૭ કલાકથી રાત્રે ૯ વાગ્યા સુધી**

રામલાના દર્શન માટે સવારથી રાત સુધીમાં છ પાળી બનાવવાની યોજના ચાલી રહી છે. જે ઉપર દર્શાવ્યા અનુસાર હશે. તેમાં વિશિષ્ટ દર્શન માટે રોજ ૧૦૦ પાસ આપવામાં આવશે. એટલે કે રોજના ૬૦૦ પાસ વિશિષ્ટ દર્શન માટેના હશે. વિશિષ્ટ દર્શન માટે રોજ ૧૦૦ પાસ આપવામાં આવશે.

હાલ આ વિશિષ્ટ દર્શનના પાસ ઓફલાઈન કાઉન્ટરમાંથી જ લેવા પડશે પરંતુ સોફ્ટવેર તૈયાર થઈ ગયા પછી વિશિષ્ટ દર્શનના પાસ ઓનલાઈન પણ મળશે. સુગમ દર્શન માટે પાસ કોઈપણ વ્યક્તિ બનાવડાવી શકે છે.

પ્રત્યેક પાળીમાં સુગમ દર્શનના વધુમાં વધુ ૩૦૦ આપવામાં આવશે. આ ઉપરાંત જેની પાસે પાસ હશે તેવા ભક્તોને મંદિરમાં પ્રવેશ કરવા માટે અલગ લાઈન બનાવવાનો પણ વિચાર ચાલી રહ્યો છે. આ વ્યવસ્થાથી ઓછા સમયમાં વધારે ભક્તો દર્શનનો લાભ લઈ શકશે.



**ખેડૂત સંગઠનો દ્વારા ૧૬ ફેબ્રુઆરીએ 'ભારત બંધ'ના એલાન પર, ભારતીય કિસાન યુનિયન (BKU)ના નેતા રાકેશ ટિકૈતે સમાચાર એજન્સી પીટીઆઈને કહ્યું, "ખેડૂતોએ આવતીકાલે તેમના ખેતરોમાં જઈને કામ ન કરવું જોઈએ. આમાંથી એક નવી વિચારધારા બહાર આવશે. મજૂરો પણ હડતાળ પર ઉતરશે. આ બતાવશે કે કેટલા લોકો આંદોલનમાં ભાગ લઈ રહ્યા છે.**

### સેન મોટેઓમાં આવેલા ઘરેથી ચારેયના મૃતદેહ મળ્યા

# કેલિફોર્નિયામાં ભારતીય પરિવારના ૪ સભ્યોના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

કેલિફોર્નિયામાં ભારતીય પરિવારના ચાર સભ્યોના મોત થયા છે. આ પરિવાર કેરળનો વતની હતો. પતિ-પત્ની અને તેમના ટ્વિન્સ બાળકોના મૃતદેહ તેમના ઘરમાંથી જ મળી આવ્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ આ કેસ મર્ડર-સ્યૂસાઈડનો લાગી રહ્યો છે. મૃતકોની ઓળખ ૪૨ વર્ષીય આનંદ સુજીત હેનરી, તેની ૪૦ વર્ષીય પત્ની એલિસ પ્રિયંકા અને તેમના ચાર વર્ષના ટ્વિન્સ નોઆહ અને નેથન તરીકે થઈ છે. કેલિફોર્નિયાના સેન મોટેઓ શહેરમાં આવેલા ઘરેથી ૧૩ ફેબ્રુઆરીના રોજ ચારેય જણાંના મૃતદેહ મળી આવ્યા છે. હાલ તો પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. આનંદ અને એલિસ સાથે પરિવારના સભ્યોએ સંપર્ક કરવાની કોશિશ કરી હતી પરંતુ તેમણે ફોન ના ઉપાડતાં સંબંધીઓએ પોલીસ પાસે મદદ માગી હતી. પોલીસ તપાસ કરવા માટે તેમના ઘરે પહોંચી ત્યારે ઘરમાં કોઈ જબરદસ્તી ઘૂસી આવ્યું હોય એવા કોઈ પુરાવા નહોતા મળ્યા.



જોકે, એક બારી ખુલ્લી હતી જેમાંથી તેઓ અંદર પહોંચ્યા હતા. ઘરની અંદર પહોંચતા જ પોલીસે જોયું કે, એલિસ અને આનંદના મૃતદેહ બાથરૂમમાં પડ્યા હતા. બંનેના શરીર પર ગોળીના નિશાન હતા. ઘટનાસ્થળેથી પોલીસને 9mmની પિસ્તોલ અને એક મેગેઝીન મળી આવ્યું છે. જ્યારે આ કપલના ટ્વિન્સના મૃતદેહ બેડરૂમમાંથી મળી આવ્યા હતા અને તેમના મોતનું કારણ હજી જાણી નથી શકાયું. રેકોર્ડ પ્રમાણે, કપલે ૨૦૨૦માં આ મકાન ૨.૧ મિલિયન ડોલરમાં ખરીદ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે, આ કેસ મર્ડર-સ્યૂસાઈડનો હોવાની સંભાવના છે. જોકે, પોલીસ અન્ય સંભાવનાઓની દિશામાં પણ તપાસ કરી રહી છે. સેન મોટેઓ પોલીસે એક નિવેદન આપતાં કહ્યું કે, "હાલ અમારી પાસે જે માહિતી છે તેના પરથી લાગે છે કે આ એકમાત્ર ઘટના હતી અને તેનાથી અન્ય લોકોએ ડરવાની જરૂર નથી. અમને ખાતરી છે કે આ માટે જવાબદાર વ્યક્તિ ઘરમાં જ હતો." મૃતક પરિવાર મૂળ કેરળનો હતો અને છેલ્લા ૯ વર્ષથી તેઓ અમેરિકામાં રહેતા હતા. આનંદ સોફ્ટવેર એન્જિનિયર હતો અને એલિસ સિનિયર એનાલિસ્ટ હતી. તેઓ બે વર્ષ પહેલા જ ન્યૂજર્સીથી સેન મોટેઓ ખાતે શિફ્ટ થયા હતા. પોલીસ તપાસમાં પાડોશીઓએ આ દંપતીને મહેનતુ અને બાળકોને સમર્પિત મા-બાપ ગણાવ્યા હતા. પાડોશી અને સાથી કર્મચારીઓ સાથે દંપતીનો વ્યવહાર સારો હોવાનું બહાર આવ્યું છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, ડિસેમ્બર ૨૦૧૬માં આનંદે ડિવોર્સ માટે અરજી કરી હતી.

## સાબરકાંઠાના પ્રાંતિજમાં જૂથ અથડામણમાં એકનું મોત

। (એજન્સી) પ્રાંતિજ, તા.૧૫ ।

સાબરકાંઠાના પ્રાંતિજમાં જૂથ અથડામણ થઈ હતી જેમાં એકનું મોત થયું છે. મળતી જાણકારી અનુસાર, પ્રાંતિજના ખોડિયાર કુવા અને માઢ વિસ્તારમાં રૂપિયાની લેતીદેતીમાં બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. સ્ટ્રીટ લાઈટો બંધ કરી બે જૂથોએ સામસામે પથ્થરમારો કર્યો હતો. આ જૂથ અથડામણમાં રાજુ રાઠોડ નામના વ્યક્તિનું મોત થયું હતુ. ઘટનાની જાણ થતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ૧૭ના નામજોગ સહિત ૩૦ લોકોના ટોળા વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. મળતી માહિતી અનુસાર, રૂપિયાની લેતીદેતીમાં બે જૂથ વચ્ચે અથડામણ થયાની આશંકા છે. બોલાચાલી બાદ ટોળાએ સામસામે પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારામાં કેટલાક વાહનોને પણ નુકસાન પહોંચ્યુ હતું. લોખંડની પાઈપથી હુમલો થતા રાજુ રાઠોડનું મોત થયું હતું. રાજુભાઈ કાંતિભાઈ રાઠોડને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૧૭ સહીત ૩૦ ના ટોળા સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. આરોપ છે કે સ્ટ્રિટ લાઈટો બંધ કરી હુમલો કરાયો હતો. આ અથડામણમાં ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી છે. બનાવની જાણ થતા વિશ્વ હિન્દુ પરિષદ સાબરકાંઠા સહિત બજરંગ દળના કાર્યકર્તાઓ પણ પ્રાંતિજ ખાતે દોડી આવ્યા હતા. સાથે જ પોલીસનો મોટો કાફલો વિસ્તારમાં ખડકવામાં આવ્યો છે. પ્રાંતિજ પોલીસે આરોપીઓને ઝડપવાની કાર્યવાહી શરૂ કરી હતી.

## મણિનગરમાં ભેખડ ધસી પડતા એકનું મોત, 3 ગંભીર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદના મણિનગર વિસ્તારમાં ભેખડ ધસી પડવાની ઘટના સામે આવી છે..સ્વામિનારાયણ કોલોની નજીક આવેલી આઈસીઆઈસીઆઈ બેંક પાસે ભેખડ ધસી પડતા અંદાજે ૪થી ૫ લોકો દટાયા હતા. જે પૈકી બે મહિલા સહિત ત્રણ લોકોનું રેસ્કયૂ કરાયૂ હતું. હાલ આ ઘટનામાં એકનું મોત અને ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છેઘટનાની જાણ થતાજ ફાયર બ્રિગેડની ૪ જેટલી ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી હતી અને રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. દરમ્યાન ફાયર બ્રિગેડની ટીમને એક મહિલા અને એક પુરુષ સહિત ત્રણનું રેસ્કયૂ કરવામાં સફળતા હાથ લાગી હતી. આ ઘટના બેંક પાસે બેઝમેન્ટ ભરવાનું કામ ચાલી રહ્યું હતું તે દરમ્યાન ઘટી હતી. શ્રમિકો બેઝમેન્ટમાં માટી ભરવાની કામગીરી કરી રહ્યા હતા તે દરમ્યાન ભેખડ ધસી પડી, ફાયર બ્રિગેડની ટીમે તુરંત સ્થળ પર પહોંચી રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. અત્યાર સુધી ત્રણ લોકોનું સફળતા પૂર્વક રેસ્ક્યૂ કરાયુ છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. મહત્વનું છે કે બેઝમેન્ટમાં માટી ભરવાની કામગીરી દરમિયાન ઘટના બની હતી. ફાયરબ્રિગેડ દ્વારા મહિલા અને પુરુષનું કર્યુ રેસ્ક્યૂ કરી સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

## રોંગ સાઈડ આવતા ટેમ્પો ચાલકે પિતા અને પુત્રીને અડફેટે લીધા

। (એજન્સી) નવસારી, તા.૧૫ ।

વાસંદા તાલુકામાં ગમખ્વાર અકસ્માત થયો છે. વાંસદા ધરમપુર હાઈવે ઉપર આવેલા જામલીયા ગામ પાસે રોંગ સાઈડ આવતા ટેમ્પો ચાલકે બાઈક પર જતા પિતા પુત્રીને અડફેટે લીધા હતા. જેમાં પિતા અને પુત્રી બંનેના મોત નીપજ્યા છે. આ અકસ્માતને કારણે આખા પરિવારમા શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતકના દીકરાએ ટેમ્પો ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. તો બીજી બાજુ અકસ્માત કરી ટેમ્પો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો છે. વાંસદા પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વાંસદા ધરમપુર હાઈવે ઉપર આવેલા જામલીયા ગામ પાસે રોંગ સાઈડ આવતા ટેમ્પો ચાલકે પિતા પુત્રીને અડફેટે લીધા હતા. જેમાં પિતા સુરેશભાઈ ચૌધરી અને પુત્રી મનીષા ચૌધરીનું મોત નીપજતા આખા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. અકસ્માત બાદ પુત્રીનું ઘટનાસ્થળે તો પિતાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યુ છે. આ ગોઝારા અકસ્માતને કારણે પરિવારનો માળો વિખેરાઈ ગયો છે.




## તંત્રી લેખ...

# વિશ્વ માનવતાનો પ્રાચીન શબ્દનો પુરાવો એટલે ઋગ્વેદ

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા વિશ્વવિખ્યાત છે, પરંતુ સ્વયંભૂ ઉદારપંથીઓ ઋગ્વેદને ઢોર ચરાવનારાઓનું ગીત ગણાવતા રહ્યા. યુનેસ્કોએ તેને ઘણા પહેલા વૈશ્વિક ધરોહર જાહેર કર્યો હતો. વૈશ્વિક ધરોહરોની યાદીમાં હવે ૪૨ ભારતીય સ્થળો છે. મોદી સરકારે વધુ ૪૧ સ્થળોને યાદીમાં સામેલ કરાવવાનો આગ્રહ કર્યો છે. બે સ્થળ સામેલ થઈ ચૂક્યા છે. મધ્યકાળમાં વિદેશી હુમલાખોરોએ હજારો મંદિરો ધ્વસ્ત કર્યાં. વિભિન્ન ક્ષેત્રોમાં થનારા એએસઆઈ ખનનમાં પ્રાચીન સભ્યતાના અવશેષો મળી રહ્યા છે. ૨૦૧૮માં સંસ્કૃતિ મંત્રાલય સંબંધિત સિંધુ સભ્યતાની અધ્યયન સમિતિએ હરિયાણાના ભિરાના અને રાખીગઢીના ખોદકામના અધ્યયનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું. આ પુરાતાત્વિક ક્ષેત્રમાં કાર્બન ડેટિંગ અનુસાર ઈસા પૂર્વ ૭૦૦૦-૬૦૦૦ વર્ષની સભ્યતાનું અનુમાન લગાવવામાં આવ્યું. આ અવધિ વૈદિક કાળની સભ્યતા સાથે જોડાય છે. કાર્બન ડેટિંગ વિશ્લેષણને પ્રાચીન સમય સાથે જોડીને અધ્યયન થવું જોઈએ. ભારત એક પ્રાચીન રાષ્ટ્ર છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ વિશ્વનું પહેલું રાષ્ટ્ર. ઋગ્વેદ વિશ્વ માનવતાનો પ્રાચીન શબ્દ પુરાવો છે. મહાભારત અને રામાયણ દુનિયાનાં પ્રતિષ્ઠિત મહાકાવ્ય છે. દર્શન, વિજ્ઞાન અને ગણિતમાં પણ ભારતની ઉલ્લેખનીય પ્રતિષ્ઠા છે. તેમ છતાં કથિત ઉદારવાદી અને ડાબેરીઓ અહીંના પ્રાચીન જ્ઞાનગ્રંથોને પણ કલ્પના ગણાવતા રહ્યા છે. જ્યારે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ એટલે કે એએસઆઈના ઉત્ખનનથી પ્રાપ્ત પુરાવા સભ્યતા અને સંસ્કૃતિને યથાર્થ સાબિત કરે છે. તાજા અહેવાલો પણ ઉત્સાહજનક છે. અદાલતે બાગપતના બરનાવામાં મહાભારત કાળના લાક્ષાગૃહની ઓળખ કરી છે. ૧૯૫૩માં ખોદકામ દરમ્યાન અહીં લગભગ ૪૫૦૦ વર્ષ જૂની પુરાતાત્વિક મહત્ત્વ ધરાવતી સામગ્રી મળી. ૧૯૭૦માં ઉત્તર પ્રદેશ વક્ફ બોર્ડે તેને મજાર અને કબ્રસ્તાન ગણાવી દીધું. હિંદુ પક્ષનો દાવો હતો કે તે પાંડવોનું લાક્ષાગૃહ છે. અહીં દુર્યોધને પાંડવોને સળગાવી દેવાનું ષડયંત્ર રચ્યું હતું. લાક્ષાગૃહ સાથે જોડાયેલી સુરંગ પણ મળી છે. પાંડવો આ જ સુરંગથી બચી નીકળ્યા હતા. અહીં પ્રાચીન વાસણો અને અન્ય પુરાવા પણ મળ્યા છે. હવે મહાભારત કાળનું વિશિષ્ટ સ્થાન મળ્યું છે. વક્ફ બોર્ડ હિંદુ ઉપાસના કેન્દ્રો અને સંપત્તિઓ પર નિરાધાર દાવા માટે કુખ્યાત છે. હંમેશાં તેણે એ સ્થળો પર પણ દાવો કર્યો, જેનો ઈતિહાસ દેશમાં ઈસ્લામના આગમન કરતાં ય જૂનો છે. તેથી સેના અને રેલવેની સંપત્તિ બાદ દેશમાં સૌથી મોટી ભૂસંપદા વક્ફ પાસે છે. બોર્ડ લગભગ ૧૦ લાખ એકર જમીનનું માલિક છે. સામ્રાજ્યવાદી શક્તિઓ ભારતને સદાય પરાજિત સાબિત કરવા માટે મૂળ નિવાસી આર્યોને વિદેશી હુમલાખોરો ગણાવતી રહી.

## હાઇબીપીમાં રનિંગ નહીં વોકિંગ જરૂરી

**નિયમિતપણે બ્રિસ્ક વોક કરવાથી હાઇબીપી અને ડાયાબિટીસમાં આરામ મળે છે : દરરજ ૩૦ મિનિટ વોકિંગ કરવાથી શરીરને ફાયદો થાય છે**



આધુનિક ભાગદોડની લાઈફમાં મોટા ભાગના લોકો હાઈબીપી અને ડાયાબિટીસના સકંજામાં આવી રહ્યા છે. આને લઈને કેટલીક સાવધાની રાખવામાં આવે તે સમસ્યાઓને ટાળી શકાય છે. હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા છે અને ડાયાબિટીસ છે તો આવી સ્થિતીમાં રનિંગથી બચવાની જરૂર છે. રનિંગ કરવાના બદલે વોકિંગ કરવાથી ફાયદો થાય છે. રનિંગથી એકાએક બીપી વધી જવાની શંકા રહે છે. જો કે નિયમિત રીતે બ્રિસ્ક વોક કરવાથી હાઈબીપી અને ડાયાબિટીસમાં આરામ મળે છે. જે લોકોને હાઈબીપી અને ડાયાબિટીસ છે તેમને સપ્તાહમાં છ દિવસ દરરોજ આશરે ૩૦ મિનિટ વોકિંગ કરવાની સલાહ નિષ્ણાંત તબીબો અને સંબંધિત નિષ્ણાંતો આપે છે. નિયમિત કસરત કરવાથી ફાયદો થાય છે. હળવી કસરત કરવાથી લાભ થાય છે. આના કારણે હાઈબીપી અને ડાયાબિટીસમાં ફાયદો થવાની સાથે સાથે કોલેસ્ટ્રોલ લેવલ પણ યોગ્ય રહે છે. જો કે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. ભારે કસરત કરવાથી બચવાની જરૂર હોય છે. રનિંગ કરવાથી પણ બચવાની જરૂર છે. આના કારણે બીપી એકાએક વધી શકે છે. શુગર અને બીપીના દર્દીઓમાં હાર્ટની સમસ્યા વધારે રહે છે. વોકિંગ વેળા શ્વાસ ફુલવા લાગે છે. આવા દર્દી એકાએક ૩૦ મિનિટ વોકિંગ કરવાની શરૂઆત ન કરે તે જરૂરી છે. પરેશાની વધી શકે છે. જેમનુ વજન વધારે છે અને ઘુટણની સમસ્યા છે તે લોકો પણ વોકિંગ કરવામાં મુશ્કેલી અનુભવ કરે છે. આવા પ્રકારના દર્દીને વોકિંગની શરૂઆત ધીમી ગતિથી કરવી જોઈએ. દાખલા તરીકે શરૂઆતમાં પાંચથી સાત મિનિટ સુધી જ વોકિંગ કરવાની જરૂર હોય છે. શુગર અને બીપીના દર્દી જેમની વય ઓછી છે તે ડોક્ટરની સલાહ મુજબ રનિંગ કરી શકે છે. સાવધાની રાખવા માટેની બાબત એ છે કે જેમનુ બીપી લેવલ ૨૦૦થી વધારે છે તે લોકોને આરામ કરવાની જરૂર હોય છે. ૧૬૦-૧૭૦ લેવલ હોય ત્યારે વોકિંગ કરવાની જરૂર હોય છે. બીપી અને ડાયાબિટીસના દર્દીઓને સ્ટ્રેસફ્રી અને હેલ્થી ડાયટ લેવાની જરૂર હોય છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીશના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીસથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીસથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

---

**જીવનમાં ખુશીઓ અને પ્રેમ વહેંચતા શીખો જેથી બીજાની સાથે આપણે પોતે પણ ખુશ અને સંતુષ્ટ રહી શકીએ**

# જો મનમાં શ્રદ્ધા ન હોય તો જીવનમાં આનંદ અને સૌંદર્યના પુષ્પો પણ ખીલી શકતા નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જેઓ બીજાના સુખનું ધ્યાન રાખે છે, કુદરત પોતે જ તેમના સુખનું ધ્યાન રાખે છે, યાદ રાખવું જોઈએ કે જે વહેંચાયેલું છે તે જ આપણી પાસે પાછું આવે છે**

જ્ઞાનને વ્યવહારમાં મૂકવું પણ જરૂરી છે. જે જ્ઞાન વ્યવહારમાં ન આવતું હોય તે કંગાળના પૈસા જેવું હોય છે જે તિજોરીમાં પડેલું હોય છે પણ જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય મદદ કરતું નથી. જ્ઞાની અને સંસારી માણસમાં ફરક એ છે કે જ્ઞાની માણસ મરતી વખતે પણ હસે છે અને સંસારી માણસ જીવતી વખતે પણ મરી જાય છે. જ્ઞાન કેવી રીતે હસવું તે શીખવતું નથી, તે ફક્ત રડવાના કારણોને દૂર કરે છે. જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી. સમજદાર વ્યક્તિ આ વાતને મનમાંથી સ્વીકારે છે કે પરિવર્તન કુદરતનો નિયમ છે. દુન્યવી વ્યક્તિ રડે છે કારણકે તેની માન્યતા પ્રમાણે તેને જે મળ્યું છે તે તેનું હતું અને તેના બળ પર મળ્યું છે. જે ખૂટે છે, તે હંમેશા તેના પર પોતાનો અધિકાર માની લે છે.અશાંત રહેવાનું આ જ કારણ છે.જ્ઞાનમાં જીવો,મૂર્ખતામાં નહીં જેથી તમે દરેક પરિસ્થિતિમાં ખુશ રહીને સુખી જીવન જીવી શકો. સ્વામી વિવેકાનંદજીને કોઈએ પૂછ્યું કે, એવી કઈ વસ્તુ છે જેના આધારે બધું ખતમ થઈ ગયા પછી બધું પાછું મેળવી શકાય? પછી તેણે જવાબ આપ્યો "વિશ્વાસ". તમારામાં વિશ્વાસ, તમારા કાર્યમાં વિશ્વાસ અને ભગવાનમાં વિશ્વાસ રાખીને બધું પાછું મેળવી શકાય છે. વિશ્વાસ એ જીવનનો આધાર છે. જો શ્રદ્ધા ન હોય તો જીવનમાં આનંદ અને સૌંદર્યના પુષ્પો પણ ખીલી શકતા નથી. વિશ્વાસ વિના જીવન મૂળ વગરના વૃક્ષ જેવું છે. જીવનના દરેક ક્ષેત્રમાં વિશ્વાસ જરૂરી છે. જો તમને તમારી જાતમાં શ્રદ્ધા હોય, તમારા પ્રિયજનોમાં શ્રદ્ધા હોય અને ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો જીવન શાંતિ પૂર્ણ, સુખી અને આનંદમય બને છે. શ્રદ્ધામાં અદ્ભુત શક્તિ છે.

શ્રદ્ધાના બળથી માત્ર માણસને જ નહીં પરંતુ ભગવાનને પણ કાબૂમાં કરી શકાય છે.જીવનમાં હંમેશા અનુકૂળ પરિસ્થિતિઓ હોવી શક્ય નથી, તેથી જેઓ પ્રતિકૂળતાઓને સાનુકૂળમાં પરિવર્તિત કરે છે તેઓ જ જીવનનો સાચો આનંદ માણી શકે છે. વિશ્વમાં કોઈ પણ લક્ષ્ય વ્યક્તિના સંકલ્પથી મોટું નથી.પ્રતિકૂળતાઓ આપણા માર્ગમાં એટલા અવરોધો નથી બનતી જેટલી આપણે આપણા પોતાના માર્ગમાં અવરોધો ઉભી કરીએ છીએ.જો જીવન હશે તો સમસ્યા ઓ ચોક્કસ ઊભી થશે કારણ કે દરેક ક્ષણે પરિવર્તન એ જીવનનો સ્વભાવ છે. સમસ્યા રજૂ થાય તે પહેલાં જ તેનાથી ડરવું વ્યક્તિને અંતરાત્માથી વંચિત બનાવે છે અને તેની નિર્ણય લેવાની ક્ષમતાને અસર કરે છે. દરેક પરિસ્થિતિનો આનંદપૂર્વક સામનો કરતા શીખો.દરેક અવરોધ નો આનંદ સાથે,શાંતચિત્તે અને પ્રભુમાં વિશ્વાસ રાખીને સામનો કરો. ઉકેલ તમારી પાસે છે,તમે ફક્ત હિંમતહારી રહ્યા છો.યાદ રાખો કે સમસ્યા પીછેહઠ કરીને નહીં, પરંતુ તેનો સામનો કરીને હલ થશે. તમે તમારા પોતાના લોકોને હરાવી ને ક્યારેય જીતી શકતા નથી, તમે તમારા પોતાના લોકોથી હારીને જ જીતી શકો છો.જે ભાંગી પડેલાને કેવી રીતે સુધારવું અને ગુસ્સાને સાંત્વના આપવી તે જાણે છે તે જ જ્ઞાની છે. વર્તમાન સમયમાં પરિવારોની સ્થિતિ ચોક્કસપણે ચિંતાનો વિષય છે. આજે ઘરના દરેક લોકો સંભળાવ વા તૈયાર છે પણ સાંભળવા કોઈ તૈયાર નથી. સંબંધો મજબુત કરવા માટે માત્ર વાર્તા જ નહીં સાંભળવાની ટેવ કેળવવી પડશે. પોતાને સાચા સાબિત કરવા કરતાં પરિવારની ખુશીઓ જાળવવી વધુ મહત્વ પૂર્ણ છે. આજે ઘરમાં હોય કે બહાર દરેક વ્યક્તિ અધિકારની વાત કરે છે પણ ફરજની વાત કોઈ કરતું નથી. તમે તમારી ફરજ બજાવો, પુરસ્કારની શોધ ન કરો. જીવનની સુંદરતા એ નથી કે તમે કેટલા ખુશ છો, પરંતુ તમે કેટલા ખુશ છો. વ્યક્તિએ પૈસા કમાવવા જોઈએ પણ માત્ર પૈસા કમાવવાએ જીવનનું લક્ષ્ય ન હોવું જોઈએ. પૈસો પોતે જીવન નથી પણ પૈસો એ જીવનની જરૂરિયાત છે. હવે આપણે દિવસ-રાત પૈસા કમાવા માટે આપણું સ્વાસ્થ્ય વેચવામાં વ્યસ્ત છીએ. આજનો માણસ ખૂબ જ મૂર્ખાઈ થી જીવન જીવી રહ્યો છે.આપણે પૈસા કમાવવા માટે પહેલા આપણું સ્વાસ્થ્ય બગાડીએ છીએ અને પછી આપણું સ્વાસ્થ્ય પાછું મેળવવા માટે આપણા પૈસા બગાડીએ છીએ. આપણે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે સ્વાસ્થ્ય એ સૌથી મોટી સંપત્તિ છે. જો તમારી પાસે સ્વાસ્થ્ય હોય તો તમે ચોક્કસપણે પૈસા કમાઈ શકો છો, પરંતુ તમારી પાસે સ્વાસ્થ્ય હોવા છતાં તમે પૈસા કમાઈ શકતા નથી. પૈસો જીવનની જરૂરિયાત હોઈ શકે છે,પરંતુ તેનો હેતુ ક્યારેય નથી. પૈસા એક સાધન છે, અંત નથી. પૈસા કમાવા જોઈએ પણ સ્વાસ્થ્યનો ત્યાગ કરીને નહીં. હંમેશા રાત્રે સૂતા પહેલા મૂલ્યાંકન કરવું જોઈએ કે શું આજે આપણે કોઈનું દિલ દુભાવ્યું છે..? શું આપણે આપણા વિચારો, વાણી અને કાર્યો દ્વારા આજે એવું કોઈ કામ કર્યું છે કે જેનાથી કોઈનું દિલ દુભાવ્યું હોય? જીવનમાં, હંમેશા એ સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરો કે આપણું દરેક કાર્ય બીજાને સુખ આપે.

---

**સ્કીમને અસરકારક બનાવી મોટા પાયે રોજગારી ઉભી કરી શકાય**

# મેક ઇન ઇન્ડિયા મારફતે બેરોજગારીને પણ દુર કરી શકાય

**સામાન્ય લોકોની બેરોજગારીને લઇને ફરિયાદ મેક ઇન ઇન્ડિયા મારફતે પણ દુર કરી શકાય છે : બેરોજગારી મોદી માટે પડકારરૂપ છે**

રોજગારીની સમસ્યા સહિત કેટલીક યોજનાને લઈને અને કેટલાક મુદ્દાને લઈને મોદી સરકારની વ્યાપક ટિકા થઈ રહી છે. જેમાં સૌથી વધારે ટિકા બેરોજગારી અને મોંઘવારીને લઈને છે. બેરોજગારીને દુર કરવા માટે સરકાર મજબુત ઈચ્છાશક્તિ સાથે આગળ વધે તે જરૂરી છે. વિપક્ષની ટિકા વચ્ચે મેક ઈન ઈન્ડિયાને વધારે અસરકારક બનાવીને રોજગારીની વ્યાપક તક ઉભી કરી શકાય છે. મેક ઈન ઈન્ડિયા યોજનાને લઈને હાલમાં ચારેબાજુ ટિકા ટિપ્પણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ યોજનાને વધારે પારદર્શક અને અસરકારક બનાવે તે જરૂરી છે. આને લઈને કંપનીઓ વધારે સક્રિય થાય અને આના મારફતે જંગી રોકાણ આવે તે પણ જરૂરી છે. ટિકા ટિપ્પણીના દોર વચ્ચે સરકાર હવે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે તૈયારી કરી ચુકી છે. જેના ભાગરૂપે ટુંક સમયમાં જ એક નીતિ લાગુ કરવામાં આવનાર છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ નીતિ હેઠળ સરકાર પોતાના અને ભારતીય રેલવેના ઉપયોગ માટે ભારતમાં ઉત્પાદન કરી રહેલી કંપનીઓ પાસેથી વાર્ષિક આશરે બે લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓની ખરીદી કરનાર છે. સંરક્ષણ સંબંધી વસ્તુઓ આ નીતિ હેઠળ આવશે નહી. ખરીદીની ચીજોની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી પરંતુ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની દિશામાં આને એક ઐતિહાસિક પહેલ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત કોમ્પ્યુટર, મોબાઈલ, સ્ટેશનરી



અને દવા ઉપરાંત સ્ટીલ અને એલ્યુમિનિયમનો ઉલ્લેખ પણ આ પ્રસ્તાવમાં રહેલો છે. આ નીતિને ગ્લોબલ સ્તર પર સંરક્ષણવાદી નિતી તરીકે ગણવામાં ન આવે તે માટે ડબલ્યુટીઓના નિયમોને સંપૂર્ણરીતે પાળવામાં આવનાર છે. ડબલ્યુટીઓમાં એવી બારી ખુલ્લી છે કે જો સરકારી ખરીદીનો ઉદ્ધેશ્ય વેપારી નથી તો સરકાર આમાં સ્થાનિક પેદાશોને વધારે મહત્વ આપી શકે છે. સુચિત ખરીદી નીતિનો ઉદ્દેશ્ય ભારતીય કંપનીઓને ભારતમાં જ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે. જોરશોરથી લોંચ કરવામાં આવેલા મેક ઈન ઈન્ડિયા અભિયાનમાં હજુ સુધી પુરતા પ્રમાણમાં મુડીરોકાણ આકર્ષિત કરવામાં આવ્યુ નથી. કેટલાક રોકાણના મોટા પ્રસ્તાવ ચોક્કસ પણે આવ્યા છે પરંતુ હજુ કાગળથી બહાર પ્રોજેક્ટ નિકળી શક્યા નથી. તેમના જમીની અમલમાં હજુ ચાર પાંચ વર્ષ લાગી શકે છે. જેમ કે તાઈવાની કંપની ફોક્સકોન પાંચ વર્ષમાં પાંચ અબજ ડોલરનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. રેલવેને બિહારમાં બે એન્જિન કારખાના સ્થાપિત કરવા માટે ૧૦ હજાર કરોડ રૂપિયાના વિદેશી રોકાણની રકમ એકત્રિત કરવામાં સફળતા મળી છે. પરંતુ આવી જાહેરાતોનો મતલબ એ વખતે જ સફળ ગણી શકાય છે જ્યારે જમીની સ્તર પર આવી યોજના અમલી બને. મેક ઈન ઈન્ડિયાને અપેક્ષા કરતા વધારે ગતિ મળી રહી નથી તેના માટે કેટલાક કારણો પૈકી એક કારણ એ છે કે દેશમાં જે રીતે વેપારી કારોબારી માહોલ સર્જી દેવાની જરૂર છે તેવા માહોલની રચના થઈ શકી નથી. બજારમાં નવી નવી માંગ આવે અને નિકાસમાં સતત વધારો થાય તો જ આ સ્થિતી સર્જાઈ શકે છે.હાલમાં આવી કોઈ ચીજ જોવા મળી રહી નથી. સરકારને દરેક હાથને કામ આપવાનુ વચન ચોક્કસપણે આપ્યુ છે પરંતુ હાલમાં તો જુના કારોબારને બચાવી લેવામાં જ મુશ્કેલી પડી રહી છે. આવી સ્થિતીમાં સ્થાનિક બજારમાં માંગ વધવાની અપેક્ષા કઈ રીતે કરી શકાય છે. આવી સ્થિતીમાં કંપનીઓની સ્થિતી સુધારી દેવા માટે સરકારી ખરીદીનો રસ્તો જ વિકલ્પ તરીકે રહે છે. ખરીદી નીતિ આવી ગયા બાદ અનેક કંપનીઓ નુકસાનની ચિંતામાંથી બહાર આવી જશે. બજારમાં તેમના પગ જામી જશે. પરંતુ આવી કંપનીઓને એક શરૂઆતી ચેતવણી પણ આપી શકાય છે કે એક મુડીવાદી વ્યવસ્થામાં સરકારી ખરીદી તેની વધારે લાંબા સમય સુધી મદદ કરી શકે નહી. આ સુરક્ષાનો ફાયદો કંપનીઓ પોતાની શોધ માટે કરે તે જરૂરી છે.

---

**ગંગાનુ નામ સાંભળતાની સાથે જ મનમાં પવિત્રતા વધી જાય છે...**

# મંદિર કરતા ગંગા નદીની સફાઇ જરૂરી છે

**જે લોકોએ ગંગાની કથા સાંભળી છે તેના માટે તો ગંગા દેવી કરતા ઓછી નથી : માતા તો ગંગા એમ પણ છે : સદીઓથી તે પેઢીઓની સેવા કરે છે**

ગંગાનુ નામ સાંભળતાની સાથે જ અમારા તમામના દિલમાં એક પવિત્રતાની વાત આવી જાય છે. પવિત્રતાની ભાવના વધી જાય છે. પવિત્રતાની ભાવના વધે તે સ્વાભાવિક પણ છે. કારણ કે જે લોકોએ પણ ગંગાની કથા સાંભળી છે તેમના માટે તો ગંગા દેવી સમાન છે. માતા તો ગંગા પહેલાથી જ તમામની છે. માતાને લઈને તો કોઈ શંકા નથી. કારણ કે અમારી કેટલી પેઢીઓની સેવા ગંગા દ્વારા કરવામાં આવી છે. તેના વગર ભારતની કલ્પના કરવી પણ યોગ્ય નથી. કારણ કે ભારતનો જન્મ જ તેના કારણે થયો છે. ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત. યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત. આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે. પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે. થેમ્સના કિનારે ઈંગ્લેન્ડ પાટનગર છે. આવી જ રીતે ભારત માટે ગંગા અને યમુના છે. થેમ્સને જોતા હેરાનગતિ થાય છે. કારણ કે તેના કિનારે મોટા મોટા જજાહો જોવા મળે છે. તે એક ભરપુર ભરાયેલી નદી તરીકે દેખાય છે. તેને જોઈને મનમાં આવે છે કે તે ભવિષ્યમાં પણ અનેક પેઢીઓની સેવા કરનાર છે. પરંતુ ગંગા અને યમુના સાથે એવી નથી. તેમની સ્થિતીને જોઈ શકાય છે. ગરમીની સિઝનમાં યમુનાને તો ઓળખી પણ શકાય નહી. તે નદીથી એક ગંગા નાળામાં ફેરવાઈ જાય છે. તેમના અંગે વર્ષો પહેલા અભિનેતા રાજકપુરે યોગ્ય કહ્યુહતુ કે ગંગા પાપીઓના પાપ ધોતા ધોતા મેલી થઈ ગઈ છે. આજે મેલી ગંગાની હાલત ખુબ જ ખરાબ છે. આ બાબતથી ગંગાના કિનારે



રહેનાર લોકો પણ વાકેફ છે. કમનસીબ બાબત એ છે કે ગંગા મેલી થઈ હોવા છતાં તેને સાફ કરવા તરફ કોઈ ગંભીર પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. જેના મન ગંગાની જેમ પવિત્ર છે તે લોકો જ જ આને સાફ કરી શકશે. મનમાં ખામી અને વેર ઝેર રાખીને તેને કોઈ સાફ કરી શકશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી ચૂંટણી લડી હતી. જેથી સ્વાભાવિક રીતે માનવામા આવી રહ્યુ હતુકે તેઓ ગંગાની સફાઈની વાત કરશે અને મોદીએ કરી પણ હતી. મોદીએ કહ્યુ હતુ કે માતાએ તેમને બોલાવ્યા છે. તેઓ ગંગાને સાફ કરીને જ ઝંપશે. વારાણસીના લોકોને એ વખતે જ પુછી લેવાની જરૂર હતી કે સાફ તો કરશો પરંતુ કઈ રીતે કરાશે. મોદીએ ગંગાને સાફ કરવા માટે નમામિ ગંગે નામના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ તો પહેલાથી જ દમ તોડવાના કિનારે છે. કેગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પહેલા ચાર વર્ષોમાં તે પ્રોજેક્ટ માટે નવિયત ૨૦ હજાર કરોડ પૈકી માત્ર પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી શકાયો છે. જ્યારે રાષ્ટ્રના વડાપ્રધાન મોદી દ્વીરા કરવામાં આવેલા વચન છતાં તેને સ્વચ્છ કરવામાં આવી નથી તો કોઈ અન્યની પાસે આશા કઈ રીતે રાખી શકાય છે. શુ ગંગાને કોઈ સમય સાફ કરી શકાશે નહીં. જ્યારે દેશમાં આઠ આઠ લેનના માર્ગો બની શકે છે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બની શકે છે અને બુલેટ ટ્રેન ચલાવવા માટેની તૈયારી થઈ શકે છે તો ગંગાને કેમ સાફ કરી શકાય નહી. ગંગા સ્વચ્છ થઈ શકે છે પરંતુ આ કામ કોઈ રાજકીય પાર્ટી કરશે તેને લઈને શંકા છે. મજબુત રાજકીય ઈચ્છાશક્તિ અને રાજકીય પક્ષપાતથી ઉપર ઉઠીને આ પ્રક્રિયા હાથ ધરી શકાય છે. ગંગાની સફાઈ એ વખતે જ શક્ય છે જ્યારે તે ભારતીય જનતા માટે એક ભાવનાશીલ મુદ્દો બને. જનતા પાસેથી ક્યા ક્યા કામ માટે સેસ લેવામાં આવતા નથી. ગંગાની સફાઈના મુદ્દા પર તમામ એનજીઓ એક સાથે આવી શકે છે. જનતા સેસ આપી શકે છે. અહીં સુધી કે લોકો પૈસા દાન કરીને મોટા ફંડની રચના કરી શકે છે. મોટા ભાગના લોકો માને છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આ કામને સૌથી વધારે અસરકારક રીતે પૂર્ણ કરી શકે છે. કારણ કે તેમની ઈચ્છાશક્તિ તીવ્ર રહે છે. તેમના કેટલાક પ્રોજેક્ટ ખુબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી ચુક્યા છે. ગંગા સફાઈને પણ પણ પ્રાથમિકતાના આધાર પર પૂર્ણ કરવામાં આવી શકે છે. ઈચ્છાશક્તિ સૌથી ઉપયોગી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીમાંથી ચૂંટણી લડી રહ્યા છે ત્યારે આશા પણ વધી ગઈ છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે જે રીતે હિન્દુ સંગઠનો અને સંસ્થાઓ આગળ આવી રહી છે તેવી જ રીતે આ મામલે પણ તમામ લોકો આગળ આવે તે જરૂરી છે.

# સવારના સમયમાં હાસ્ય ધ્યાન યોગ કરવામાં આવે તો દિવસભર સ્ફર્તિ

## નિયમિત રીતે હાસ્ય ધ્યાન યોગથી કરવાથી શરીરમાં કેટલાક હકારાત્મક હાર્મોન નિકળે છે જેનાથી લાભ અને ઘણી બિમારીઓ પણ દૂર થાય છે

હાસ્ય કેટલીક બિમારીના ઈલાજ તરીકે છે. આ બાબત તો પહેલા પણ પુરવાર થઈ ચુકી છે. અમારા શરીરની માંસપેશિઓ, આંખ, હાર્ટની માંસપેશિઓને હાસ્યના કારણે આરામ મળે છે. યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ દ્વારા કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ખુલીને હંસનાર લોકોની લોહીની ગતિ શરીરમાં વધારે યોગ્ય હોય છે. બ્લડ સર્ક્યુલેશન ખુબ શાનદાર રહે છે. ૧૦ મિનિટ સુધી હંસવાથી આપને બે કલાક સુધી પિડાથી રાહત મળે છે. સાથે સાથે શરીરની રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. નિષ્ણાંતો કહે છે કે જે લોકો વધારે હંસે છે તે લોકો લાંબા સમય સુધી યુવા દેખાય છે. હંસવા માટેના બીજા કેટલાક કારણ રહેલા છે. ફિજિયોથેરાપી નિષ્ણાંત તબીબો કહે છે કે સવારના સમયમાં જો હાંસ્ય ધ્યાન યોગ કરવામાં આવે તો દિવસ દરમિયાન પ્રસન્નાતા રહે છે. સ્ફર્તિ પણ રહે છે. આ



યોગ્ય વેળા શરીરમાં કેટલાક હાર્મોન સ્ત્રાવ થાય છે. જેના કારણે ડાયાબિટીસ, કમરના દુખાવા અને અન્ય બિમારીમાં ફાયદો મળે છે. હંસવાથી હાર્ટ પણ સ્વસ્થ રહે છે. લોહી પરિભ્રમણ સુધરે છે. હંસવાની સ્થિતીમાં શરીરમાંથી એન્ડોર્ફિન નામના રસાયણ નિકળે છે. જે હાર્ટને મજબુત કરવામાં ભૂમિકા અદા કરે છે. હંસવાથી હાર્ટ અટેકની સંભાવના પણ ઘટી જાય છે.લાફિંગને બેસ્ટ થેરાપી તરીકે એમ જ ગણવામાં આવે છે તેમ નથી. સ્ટ્રેસમાંથી રાહત અપાવવાની સાથે સાથે ૧૦ મિનિટ સુધી સતત હંસવાના કારણે ૨૦થી ૩૦ કેલરી બર્ન થાય છે. એટલે કે દરરોજ એક કલાક હંસવામાં આવે તો ૪૦૦ કેલરી બર્ન થાય છે. આવી સ્થિતીમાં જો તમે શરીરના વજનને ઘટાડી દેવામાં લાગેલા છો તો કેલરી બર્ન કરવા માટે હંસતા રહેવાની જરૂર હોય છે. કમરની પિડામાં રાહત આપવા માટે હંસવાની બાબત શ્રેષ્ઠ વિકલ્પ તરીકે છે. હંસવાથી ઓક્સિજન વધારે પ્રમાણમાં મળે છે. ઓક્સિજનની ઉપસ્થિતીમાં કેન્સરવાળી કોશિકા અને અન્ય પ્રકારના હાનિકારક બેક્ટિરિયા અને વાયરસ નષ્ટ થઈ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધી જાયછે. ટેન્સન દુર થઈ જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ખુશી પેનકિલર જેવું કામ કરે છે. દરેક પ્રકારની પીડાને દૂર રાખવા માટે ખુશી હોવી જરૂરી છે. આરોગ્ય માટે હાસ્ય દવાની જેમ કામ કરે છે. જે રીતે ટેન્શન અથવા તો દુ:ખ વ્યક્તિના આરોગ્ય ઉપર નકારાત્મક અસર કરે છે. તેવી જ રીતે હાસ્ય આરોગ્ય ઉપર હકારાત્મક અસર કરે છે. સામાન્ય શબ્દોમાં કહેવામાં આવે તો હાસ્યથી બ્લડમાં વધારો પણ થાય છે. આ સંબંધમાં થોડાક દિવસ પહેલાં જ એક અભ્યાસ કરવામાં આવ્યા બાદ તબીબો એવા તારણો ઉપર પહોંચ્યા હતા કે હાસ્ય પેન કિલર જેવું કામ કરે છે. હાસ્યથી પીડામાં ઘટાડો થાય છે. આમા એમ પણ જણાવવામાં આવ્યું છે કે આધુનિક સમયમાં ઘણી જગ્યાઓએ લાફટર ક્લબ પણ ચાલી રહી છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં પણ સવારમાં અને રાત્રે વિશેષ પ્રકારનું આયોજન હાસ્ય કાર્યક્રમ સાથે યોજવામાં આવે છે.

### હાર્ટ અટેકની સંભાવના પણ ઘટી જાય છે

**નિષ્ણાંતોએ સમર્થન પણ આપ્યું છે. અભ્યાસ મુજબ થાકના કારણે શરીરમાં એન્ડોફિન નામના હાર્મોનના ફેલાવાની વાત પણ જાણવા મળી છે જે ઊંઘ જેવી અસર કરે છે અને અમે પીડામાં ઘટાડાનો અનુભવ કરવા લાગી જઈએ છીએ. લાફ્ટર ઇઝ એ બેસ્ટ મેડીસીન જેવી વાત અભ્યાસમાં પહેલાં પણ સપાટી ઉપર આવી ચૂકી છે. આ અભ્યાસને હાથ ધરતીવેળા મોટી સંખ્યામાં લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. એવા લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા જે નિયમિત રીતે હાસ્ય અને ખુશીની પ્રવૃત્તિ માટે જુદી જુદી સંસ્થાઓમાં જતા હોય છે. આ ઉપરાંત આવી કોઈ પ્રવૃત્તિ સાથે નહીં સંકળાયેલા લોકોને પણ આમા આવરી લેવામાં આવ્યા હતા.**

# શેમ્પુ નહીં પરંતુ વાળને પોષક તત્વ જરૂરી છે

હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નખની જેમ જ વાળમાં પણ ૯૫-૯૮ ટકા સુધી પ્રોટીન હોય છે. વાળને લાંબા અને મજબુત તેમજ ઘેરા બનાવવા માટે શેમ્પુ નહીં બલ્કે પોષક તત્વો જરૂરી હોય છે. શરીરમાં વિટામિન સીની કમી થવાના કારણે વાળ નબળા પડી જાય છે. જડ નબળી થવાના કારણે વાળ ખરવા લાગી જાય છે. તમામ પ્રકારના એમિનો એસિડ વાળના જતન માટે જરૂરી હોય છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આધુનિક સમયમાં યુવતિઓ હેયર સ્ટ્રેટનરનો ઉપયોગ વધારે કરવા લાગી ગઈ છે. જો કે આનો ઉપયોગ ખતરનાક સાબિત થાય છે. વાળને નુકસાન કરે છે. હેયર સ્ટ્રેટનરનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંત લોકો આપે છે. મેડિકલ ટ્રિટમેન્ટથી પણ તે સરળતાથી ઠીક થતા નથી. પૌષ્ટિક સંતુલિત ભોજન ખુબ જરૂરી હોય છે. ભોજનમાં પુરતા પ્રમાણમાં લીલા શાકભાજી, સલાડ, અંકુરિત અનાજ, દુધ, દહી, દાળ, ઈન્ડા, ભાત અને લોટની રોટલી ખાવાથી ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાની સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી નિયમિત રીતે પીવાથી ફાયદો થાય છે. હેલ્થી હેયરને લઈને આધુનિક સમયમાં મોટા ભાગના લોકો પરેશાન છે. યુવક અને યુવતિઓ તમામ લોકો હેયર માટે જંગી નાણાં પણ ખર્ચ કરે છે. નાની વયમાં વાળ ખરી પડવાની બાબત પણ હાલમાં જોવા મળી રહી છે. શેમ્પુ નહીં બલ્કે પોષક તત્વો હેલ્થી હેયર માટે વધારે જરૂરી છે. હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવી રહ્યો છે.

# કેન્સરના દર્દીઓને શરાબની દુર રહેવાની ખાસ જરૂર છે

અમેરિકન કેન્સર સોસાયટી દ્વારા તાજેતરમાં જ અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેન્સરના દર્દીઓને કેટલાક સૂચનો કરીને નવી માર્ગદર્શિકા જારી કરી હતી. વધુ લાંબા સમય સુધી કેન્સરના દર્દીઓ સારી લાઈફ ગાળી શકે અને આરોગ્યને પણ સાચવી શકે તે બાબતોનો આમા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમેરિકન કેન્સર સોસાયટીએ જે માર્ગદર્શિકા જારી કરી છે તેમાં કેન્સરના દર્દીઓને ફળફળાદી, શાકભાજી અને અનાજ પૂરતા પ્રમાણમાં ભોજનમાં લેવા માટેની સલાહ આપી છે. સાથે સાથે આરોગ્ય જાળવી શકે તેવા વજનની જાળવણી કરવા તથા નિયમિત રીતે કસરત કરવાની સલાહ પણ આપવામાં આવી છે. ઉપરાંત કેન્સરના દર્દીઓ પોતાના આયુષ્યને લંબાવી શકે તે માટે આ દર્દીઓને શરાબને ટાળવાની સલાહ પણ આપવામાં આવી છે. શરાબના શોખીન કેન્સર દર્દીઓને જો શરાબ ન ટાળીશકતા હોય તો ઓછા પ્રમાણમાં આનો ઉપયોગ કરવાની પણ સલાહ આપવામાં આવી છે. હેલ્થી લાઈફ સ્ટાઈલ હમેશા ચોક્કસ પ્રકારના કેન્સરને રોકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અમેરિકન કેન્સર સોસાયટીએ નવી માર્ગદર્શિકામાં ઘણી બાબતો રજૂ કરી છે. આમા કિડની, સ્તન કેન્સર, પેનક્રિયાસ કેન્સર અને કોલોન કેન્સર સહિત ચોક્કસપ્રકારના કેન્સરને હેલ્થી લાઈફ સ્ટાઈલ રોકી શકે છે પરંતુ પહેલાથી જ કેન્સરથી ગ્રસ્ત થઈ ગયેલા લોકોને કેન્સરથી બચવા માટે મહત્વપૂર્ણ સલાહ તબીબના આધાર ઉપર



લેવી જોઈએ. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૧૦૦થી વધુ અભ્યાસ કરવામાં આવ્યા બાદ સૂચનો તૈયાર કરવામાં આવ્યા હતા જેમાં જણાવામાં આવ્યું છે કે હેલ્થી ડાઈટ, નિયમિત કસરત અને વજનને અંકુશમાં રાખીને કેન્સર ફરી થવાના ખતરાને ઘટાડી શકાય છે. સાથે સાથે મોતના જોખમને પણ ઘટાડી શકાય છે. કેન્સરની સારવાર દરમિયાન હળવા પ્રમાણમાં કસરત હતાશા અને થાકને દૂર કરવામાં ભૂમિકા ભજવે છે. હાર્ટની સ્થિતિને પણ સુધારે છે. સાથે સાથે સ્નાયુઓને મજબૂત બનાવે છે. માર્ગદર્શિકામાં પૂરક તત્ત્વો કરતા ખાદ્યાન ચીજવસ્તુઓમાંથી જરૂરી ચીજવસ્તુ વધુ પ્રમાણમાં લેવાની સલાહ પણ આપી છે. કારણ કે ચોક્કસ પૂરક તત્ત્વો ચોક્કસ પ્રકારના કેન્સરની સારવારમાં ઉપયોગી બને છે.

# જળવાયુ પરિવર્તનથી હિમાલય ગ્લેશિયર પર સીધી અસર

જળવાયુ પરિવર્તનના કારણે કેટલાક ફેરફાર થઈ રહ્યા છે. જળવાયુ પરિવર્તનના પરિણામસ્વરૂપે હિમાલયમાં ગ્લેશિયર ઝડપથી ઓગળી રહ્યા છે. આના કારણે ભારત, પાકિસ્તાન અને નેપાળના જુદા જુદા હિસ્સામાં પાણીનુ પ્રમાણ ઓછુ રહેશે. એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જળવાયુ પરિવર્તનના કારણે આવનાર સમયમાં પાણીની કટોકટી ઉભી થઈ શકે છે. અમેરિકામાં ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીના અભ્યાસમાં કેટલાક પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ તેમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના આધાર પર આ ચેતવણી જારી કરવામાં આવી છે. જળવાયુ પરિવર્તનના અન્ય ઘાતક પરિણામ પહેલા જ વિશ્વમાં જોવા મળી રહ્યા છે. જેના કારણે કેટલીક જગ્યાએ વધારે પડતો વરસાદ તઈ રહ્યો છે. કેટલીક જગ્યાએ કમોસમી વરસાદ થઈ રહ્યો છે. જળવાયુ પરિવર્તનથી એન્ડીજ માઉન્ટેન અને તિબેટ પઠારના બાશિન્દો પર સીધી અસર થઈ રહી છે. ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીમાં પર્યાવરણ વૈજ્ઞાનિક દ્વારા કહેવામાં આવ્યુ છે કે સૌથી ખરાબ હાલત રહેશે તો તેના બે તૃતિયાશ હિસ્સાને ગુમાવી દેવાની પણ ફરજ પડી શકે છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે જળનો પુરવઠો ઘટી રહ્યો છે. જ્યારે વસ્તી વધવાના કારણે માંગ સતત વધી રહી છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે પેરૂમાં ગ્લેશિયર ઓગળી જવાના કારણે હાલત કફોડી બની રહી છે. શોધ કરનાર લોકો માની રહ્યા છે કે તાત્કાલિક રીતે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. અહી હજારો ગ્લેશિયર રહેલા છે. જેના કારણે અફઘાનિસ્તાન, ભુટાન, ચીન, નેપાળ, ભારત અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

BOLLYWOOD NEWS FLASH

# રકુલ-જેકીના લગ્ન સાઉથ ગોવામાં હોટેલ ITC ગ્રાન્ડમાં થશે



। મુંબઈ, તા.૧૫ ।

રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની ૨૧ ફેબ્રુઆરીએ ગોવામાં લગ્ન કરવા જઈ રહ્યા છે. રકુલ અને જેકીના પ્રી-વેડિંગ ફંક્શનની માહિતી સામે આવી છે. ૨૦મી ફેબ્રુઆરીએ મહેંદી ફંક્શન યોજાશે, તે જ દિવસે સાંજે સંગીત સેરેમની પણ યોજાશે. લગ્નમાં હાજર રહેલા મહેમાનોએ જણાવ્યું કે મહેંદીમાં ઉજવણીનો માહોલ હશે. જ્યારે લગ્ન માટે પેસ્ટલ ટોન પસંદ કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે દરેક ફંક્શન માટે અલગ થીમ પર વિચાર કરવામાં આવ્યો છે. મીડિયાના અહેવાલ મુજબ, રકુલ અને જેકીના લગ્ન દક્ષિણ ગોવાની હોટેલ આઈટીસી ગ્રાન્ડમાં થશે. એવું માનવામાં આવે છે કે આ હોટેલ ગોવામાં એક શાંત સ્થાન પર છે. રકુલ અને જેકી તેમના લગ્ન ખૂબ જ શાંત રીતે કરવા માંગે છે, તેથી આ સ્થાન તેમના માટે શ્રેષ્ઠ છે. થોડા સમય પહેલા મીડિયાના એક અહેવાલમાં ખુલાસો થયો હતો કે રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની તેમના લગ્નને ખાનગી રાખવાની યોજના બનાવી રહ્યા છે. આવી સ્થિતિમાં લગ્નમાં નો ફોન પોલિસી નહીં હશે. લગ્નના કોઈ ફોટા લીક ન થાય તેની ખાતરી કરવા માટે, લગ્નના મહેમાનો તેમની સાથે તેમના ફોન રાખી શકશે નહીં. થોડા દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે આ કપલ મિડલ ઈસ્ટમાં ડેસ્ટિનેશન વેડિંગ કરવા જઈ રહ્યું છે. સૂત્રએ કહ્યું- રકુલ અને જેકી વિદેશમાં લગ્ન કરવા જઈ રહ્યા હતા. ૬ મહિનાની અંદર લગ્નને લગતી તમામ તૈયારીઓ કરી લીધી હતી. જો કે, ડિસેમ્બરમાં પીએમ નરેન્દ્ર મોદીની વેડ ઈન ઈન્ડિયા અપીલ પછી, બંનેએ ભારતમાં રહીને લગ્ન કરવાનો નિર્ણય કર્યો. જેકી ભગનાની અને રકુલ પ્રીત છેલ્લા ૨ વર્ષથી રિલેશનશિપમાં છે.

# છૂટાછેડા પછી ફરીથી પડ્યા પ્રેમમાં

। મુંબઈ, તા.૧૫ ।

બોલિવૂડમાં ઘણા એવા સ્ટાર્સ છે જેમણે વર્ષોના લગ્નજીવન પછી છૂટાછેડા લીધા હોય અને પછી ફરીથી તેમને સાચો પ્રેમ મળ્યો હોય. ઋત્વિક રોશન, અરબાઝ ખાન, ફરહાન અખ્તર, અર્જુન રામપાલ એવા ઘણા સ્ટાર્સ છે જેમણે લગ્નના ઘણા વર્ષો પછી પત્નીથી છૂટાછેડા લીધા છે અને છૂટાછેડા પછી ફરીથી તેઓ પ્રેમમાં પડ્યા. બોલિવૂડ સ્ટાર્સ ઋત્વિક રોશન અને સુઝૈન ખાને લગ્નના ૧૩ વર્ષ બાદ ૨૦૧૩માં અલગ થવાનો નિર્ણય લીધો. ઋત્વિક રોશન અને સુઝેનના પ્રેમ લગ્ન ૨૦૦૦ માં થયા હતા અને બંનેને બે પુત્રો છે. છૂટાછેડા પછી હવે ઋત્વિક રોશન અને સુઝેન બંનેને પ્રેમ મળી ગયો છે. ઋત્વિક રોશન અભિનેત્રી સબા આઝાદને ડેટ કરી રહ્યો છે. અરબાઝ ખાન અને મલાઈકા અરોરાએ ૧૯૯૮માં લગ્ન કર્યા હતા. ૧૯ વર્ષ સુધી લગ્ન કર્યા બાદ બંનેએ ૨૦૧૬માં અલગ થવાનો નિર્ણય લીધો હતો. અરબાઝ અને મલાઈકાએ મે ૨૦૧૭માં છૂટાછેડા લીધા હતા. અરબાઝ-મલાઈકાને એક પુત્ર અરહાન ખાન છે. છૂટાછેડાના ઘણા વર્ષો પછી અરબાઝ ખાને ડિસેમ્બર ૨૦૨૩ માં મેકઅપ આર્ટિસ્ટ સુરા ખાન સાથે લગ્ન કર્યા. પુલકિત સમ્રાટે લગભગ ૪ વર્ષ સુધી ડેટ કર્યા બાદ અભિનેત્રી કૃતિ ખરબંદા સાથે સગાઈ કરી છે. આ પહેલા પુલકિત સમ્રાટે ૨૦૧૪માં સલમાન ખાનની રાખી બહેન શ્વેતા રોહિરા સાથે લગ્ન કર્યા હતા. લગ્નના ૧૧ મહિના પછી બંને અલગ થઈ ગયા. હવે છૂટાછેડા બાદ પુલકિત સમ્રાટને ફરી પ્રેમ મળ્યો છે.

# "તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા"ની કમાણી ૩૪.૬ કરોડ


। મુંબઈ, તા.૧૫ ।

ફિલ્મ તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયાએ પાંચ દિવસમાં ૩૪.૬ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. ફિલ્મે મંગળવારે માત્ર ૩.૮૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. બીજી તરફ સાઉથની બે મોટી ફિલ્મોની હાલત પણ આવી જ છે. રવિ તેજાની ફિલ્મ ઈગલે ૫ દિવસમાં કુલ ૧૮.૮૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. મંગળવારે ફિલ્મે માત્ર ૧.૨૫ રૂપિયાની કમાણી કરી હતી. રજનીકાંતની ફિલ્મ લાલ સલામે અત્યાર સુધીમાં ૧૨.૯૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ બંને ફિલ્મો તમિલ અને તેલુગુ એમ બે ભાષામાં રિલીઝ થઈ છે. તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયાનું અત્યાર સુધીનું કલેક્શન નીચે મુજબ છે. પ્રથમ દિવસ- ૬.૭ કરોડ, બીજા દિવસે- ૯.૬૫ કરોડ, ત્રીજો દિવસ - ૧૦.૭૫ કરોડ, ચોથો દિવસ - ૩.૬૫ કરોડ, પાંચમો દિવસ - ૩.૮૫ કરોડ, કુલ કલેક્શન- ૩૪.૬ કરોડ, ફિલ્મે શરૂઆતના ત્રણ દિવસમાં ખૂબ સારો દેખાવ કર્યો હતો, પરંતુ અઠવાડિયાના દિવસોમાં તેનું કલેક્શન ઘટી ગયું હતું. રિલીઝના ચોથા દિવસે એટલે કે સોમવારે રવિવારની સરખામણીમાં ૬૬.૦૫%નો ઘટાડો જોવા મળ્યો હતો. મંગળવારે પણ કમાણીમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે વેલેન્ટાઈન ડેને જોતા ફિલ્મની કમાણી વધી શકે છે. જો કે, જો આપણે તેની સરખામણી શાહિદની અગાઉની ફિલ્મ 'જર્સી' સાથે કરીએ તો તે તેનાથી ઘણી આગળ છે. જર્સીનું લાઈફટાઈમ કલેક્શન રૂ. ૧૯.૬૮ કરોડ હતું. ૯ ફેબ્રુઆરીએ સાઉથની બે મોટી ફિલ્મો 'લાલ સલામ' અને 'ઈગલ' પણ રિલીઝ થઈ હતી. રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા દ્વારા નિર્દેશિત ફિલ્મ 'લાલ સલામ'ની હાલત ખરાબ છે. રજનીકાંતનો કેમિયો હોવા છતાં આ ફિલ્મને દર્શકો તરફથી બહુ પ્રતિસાદ મળી રહ્યો નથી.




# રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેનમાં વિલન બન્યો અર્જુન

। મુંબઈ, તા.૧૫ ।



રોહિત શેટ્ટીની આગામી ફિલ્મ સિંઘમ અગેન છે. ફિલ્મમાં અજય દેવગન, રણવીર સિંહ, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ, કરીના કપૂર અને દીપિકા પાદુકોણ જેવા કલાકારો સાથે જોવા મળશે. બુધવારે, વેલેન્ટાઈન ડેના અવસર પર, રોહિતે ફિલ્મમાં વિલનની ભૂમિકા ભજવનાર અર્જુન કપૂરનું ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કર્યું. આ પોસ્ટરમાં અર્જુન રણવીર સિંહની સામે જોવા મળ્યો હતો. રણવીર આ ફિલ્મમાં કોપ ફ્રેન્ચાઈઝી કેરેક્ટર સિમ્બાના રોલમાં જોવા મળશે. આ જાહેરાત કરતા રોહિતે સોશિયલ મીડિયા પર બે પોસ્ટર શેર કર્યા છે. જ્યાં એક પોસ્ટરમાં અર્જુન હસતો, લોહીથી લથપથ અને હાથમાં છરો પકડેલો જોવા મળે છે. બીજા પોસ્ટરમાં તે રણવીર સિંહ સાથે સામસામે જોવા મળી રહ્યો છે. આ ફિલ્મમાં રણવીર સિમ્બાના રોલમાં જોવા મળશે. આ બે પોસ્ટર શેર કરતી વખતે રોહિતે લખ્યું, ઈન્સાન ગલતી કર સકતા હૈ, ઔર ઉસ ઉસકી સજા ભી મિલતી હૈ, લૈકિન અબ જો ભી આયેગા, વો શૈતાન હૈ, કેન આઈ સે, ઈન્ટ્રોડ્યુસિંગ અર્જુન કપૂર. આ લુક શેર કરતી વખતે અર્જુને પોતે લખ્યું, 'સિંઘમનો વિલન! હિટ મશીન રોહિત શેટ્ટી સરની કોપ વર્લ્ડનો ભાગ બનીને ખૂબ જ ગર્વ અનુભવું છું. હું વિનાશ વેરવાનું વચન આપું છું...' આ સિવાય આને શેર કરતી વખતે અર્જુન કપૂરના બેસ્ટ ફ્રેન્ડ રણવીર સિંહે લખ્યું, 'માય બાબા બેડેસ્ટ'. રણવીર અને અર્જુન આ પહેલા 'ગુંડે'માં સાથે કામ કરી ચૂક્યા છે. અર્જુનનો આ લુક સોશિયલ મીડિયા યુઝર્સને ઘણો પસંદ આવ્યો છે. આ સિવાય બોબી દેઓલ, મલાઈકા અરોરા, હુમા કુરેશી, વરુણ ધવન અને અંશુલા કપૂર જેવા સેલેબ્સે પણ તેના લુકના વખાણ કર્યા છે.

અને તેને શુભકામનાઓ પાઠવી છે. રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેન' ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સ્વતંત્રતા

# હોરર-થ્રિલર ફિલ્મ શૈતાન ૮ માર્ચે સિનેમાઘરોમાં

। મુંબઈ, તા.૧૫ ।

અજય દેવગન અને આર માધવન સ્ટારર ફિલ્મ શૈતાનના પહેલા ગીત 'ખુશીયાં બટોર લો'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. અજય દેવગણે આ ટીઝર પોતાના સોશિયલ મીડિયા પર શેર કર્યું છે. આ અલૌકિક હોરર-થ્રિલર ફિલ્મ ૮ માર્ચે સિનેમાઘરોમાં આવશે. ગીતના આ ૧૮ સેકન્ડના ટીઝરમાં અજય દેવગન અને જ્યોતિકા તેમના બે બાળકો સાથે પરિવારનો સમય માણતા જોવા મળે છે. જ્યાં બંને ક્યારેક પૂલમાં બાળકો સાથે સમય વિતાવતા તો ક્યારેક કારમાં ડ્રાઈવિંગની મજા લેતા જોવા મળે છે. આ ટીઝરને રિલીઝ કરતી વખતે મેકર્સે લખ્યું- જોકે પ્રેમ ઘણા રૂપમાં આપણી સામે આવે છે. પરંતુ કુટુંબ પ્રેમ સૌથી ખાસ છે! 'ખુશીયાં બટોર લો'નું ટીઝર આઉટ થતાં જ ચાહકોએ પણ પોતાની ખુશી વ્યક્ત કરવાનું શરૂ કરી દીધું હતું.



# જામનગર પાસે આઈશરનું ટાયર ફાટતાં અકસ્માતમાં એકનું મોત



। (એજન્સી) જામનગર, તા.૧૫ ।

જામનગરના લાલપુરના મેમાણા ગામેથી ભરવાડ પરિવારની જાન આઈસરમાં બેસીને ભાણવડના ભેંનકવડ ગામે જઈ રહી હતી, દરમિયાન સવારે આઠેક વાગ્યાના અરસામાં ધારાગઢ પાસે અકસ્માત નડ્યો હતો, અને અંદર બેઠેલા ચાલીસ જેટલા જાનૈયાઓને નાની મોટી ઈજા થઈ હતી, જે પૈકી એક જાનૈયાનું મૃત્યુ નીપજ્યું છે. જયારે અન્ય બે ને ગંભીર ઈજા થઈ છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના મેમાણા ગામમાં રહેતા ભરવાડ પરિવારના ૫૦થી વધુ સભ્યો આજે સવારે સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘેરથી નીકળીને ભાણવડ નજીક ભેંનકવડ ગામે સગાઈના પ્રસંગમાં જઈ રહ્યા હતા, જેમાં સ્ત્રી પુરુષો અને બાળકો વગેરેનો સમાવેશ થાય છે. જે આઈસર ભાણવડ નજીક ધારાગઢ પાસે પહોંચતાં એકાએક આઈસરનું ટાયર ફાટ્યું હતું, અને રોડથી નીચે ઉતરી ગયું હતું, જેથી ૪૦થી વધુ જાનૈયાઓને નાની મોટી ઈજા થઈ હતી. જે તમામને જુદી જુદી એમ્બ્યુલન્સ તેમજ ખાનગી વાહનો મારફતે ભાણવડની સરકારી હોસ્પિટલ, લાલપુરની સરકારી હોસ્પિટલ, ત્યારબાદ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ જાનૈયાઓ પૈકી એક યુવાન માલાભાઈ હમીરભાઈ ઝુંઝા (૪૮)નું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય બે જાનૈયાઓને ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. અન્યની નાની મોટી સારવાર ચાલી રહી છે. આ બનાવને લઈને ભરવાડ પરિવારમાં ભારે અફડા તફડી સર્જાઈ હતી, અને ભાણવડ પોલીસ તેમજ લાલપુર પોલીસ ની ટુકડી જુદી જુદી હોસ્પિટલોમાં દોડતી થઈ. જે સમગ્ર બનાવ મામલે ભાણવડ પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# સંજેલીની શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું



।(પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલીમાં તારીખ ૧૫મી ફેબ્રુઆરીના રોજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું અને સિકલસેલ એનિમિયા કંટ્રોલ પોગ્રામ અંતર્ગત ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું અને બાળકોને માહિતી આપવામાં આવી હતી.

# ફાર્મા કંપનીના સીએમડી સામે દુષ્કર્મનો આરોપ, કેડિલાના રાજીવ મોદી નિવેદન નોંધાવવા માટે હાજર થયા



## ફરિયાદ નોંધાવનાર બલ્ગેરિયન યુવતીને પણ પોલીસે નિવેદન માટે બોલાવી હતી, પરંતુ તે નિવેદન આપવા આવી ન હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદની જાણીતી કેડિલા ફામર્સ્યુટિકલ લિમિટેડના સીએમડીરાજીવ મોદી સામે બલ્ગેરિયન યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી, જે મામલે આજે રાજીવ મોદી સોલા નિવેદન નોંધાવવા પોલીસ સમક્ષ હાજર થયા હતા. ઉલ્લેખનીય છે કે કેડિલાના રાજીવ મોદી છેલ્લા કેટલાય સમયથી આ કેસમાં પોલીસ પકડથી દૂર હતા. ત્યારે હવે પહેલી વાર પોલીસ સમક્ષ હાજર થયા છે.

આ કેસમાં ફરિયાદ નોંધાવનાર બલ્ગેરિયન યુવતીને પણ પોલીસે નિવેદન માટે બોલાવી હતી. પરંતુ તે નિવેદન આપવા આવી ન હતી. પોલીસને હજુ સુધી જાણ નથી કે યુવતી ક્યા ક્યા છે. જો કે અમદાવાદ સીપીએ દાવો કર્યો હતો કે બલ્ગેરિયન યુવતી પોતાના વતન પરત ફરી છે. જ્યારથી બલ્ગેરિયન યુવતીએ ફાર્મા કંપની કેડિલાના સીએમડી-રાજીવ મોદી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે ત્યારથી આ કેસમાં અનેક વળાંકો આવી રહ્યા છે. શહેરના હાઈ પ્રોફાઈલ કેસમાં રાજીવ મોદી છેલ્લા ઘણા સમયથી પોલીસ પકડથી દૂર હતા ત્યારે આજે સવારે અચાનક રાજીવ મોદી સોલા પોલીસમાં હાજર થયા હતા. પોલીસ દ્વારા તેમનું નિવેદન પણ લેવામાં આવ્યું છે.

આ કેસમાં અગાઉ ફરિયાદી બલ્ગેરિયન યુવતી ગુમ થઈ હતી, જે અંગેની ફરિયાદ યુવતીના વકીલે જેસીપીને કરી હતી. આ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે ૨૪ જાન્યુઆરી બાદથી યુવતીનો સંપર્ક થઈ શક્યો નથી તેમજ તેની સુરક્ષાને લઈને ચિંતા પણ વ્યક્ત કરી હતી.

વકીલે ફરિયાદમાં જણાવ્યું હતું કે છેલ્લે યુવતીનો સંપર્ક રીંગરોડ પર આવેલા બાલાજી અગોરા મોલ પાસે મળી આવ્યો હતો. થોડા દિવસ બાદ યુવતી પોતાના વકીલ સાથે તપાસ અધિકારીને નિવેદન નોંધાવવા જવાની હતી પરંતુ અધિકારી તેમના કામમાં વ્યસ્ત હોવાથી નિવેદન નોંધાયું ન હતું. વકીલે ફરિયાદમાં જણાવ્યું હતું કે છેલ્લે યુવતીનો સંપર્ક રીંગરોડ પર આવેલા બાલાજી અગોરા મોલ પાસે મળી આવ્યો હતો. થોડા દિવસ બાદ યુવતી પોતાના વકીલ સાથે તપાસ અધિકારીને નિવેદન નોંધાવવા જવાની હતી પરંતુ અધિકારી તેમના કામમાં વ્યસ્ત હોવાથી નિવેદન નોંધાયું ન હતું.

# જૂની પેન્શન યોજનાની માગ સાથે ૧૬મીએ સરકારી કર્મીઓ કાળા કપડાં પહેરશે

## ૨૩મીએ ગાંધીનગર ખાતે ધરણા, કેટલાક રાજ્યમાં નવી પેન્શન યોજનાને રદ કરીને જુની પેન્શન યોજના લાગુ કરી દેવાઈ છે




। અમદાવાદ, તા.૧૫ ।

લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ગુજરાતમાં ફરી એકવાર જુની પેન્શન થઈ ગયું છે. ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા મોરચા હેઠળ હેઠળ અધ્યાપકો-શિક્ષકો દ્વારા ગઈકાલે કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવવામા આવી હતી અને ૧૬મીએ તમામ કર્મચારીઓ દ્વારા કાળા કપડા પહેરીને ફરજ બજાવશે. જ્યારે ૨૩મીએ ગાંધીનગર ખાતે ધરણા કરવામા આવનાર છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે પણ ગુજરાતમાં જુની પેન્શન યોજના માટે આંદોલન શરૂ થયુ હતુ ત્યારે હવે લોકસભાની ચૂંટણી આવી રહી હોઈ ગુજરાત સરકાર માટે જુની પેન્શન યોજનાનો મુદ્દો માથાના દુખાવા સમાન બની રહ્યો છે. કારણકે ઘણા સમયથી કર્મચારીઓ ઉગ્ર માંગણી કરી રહ્યા છે અને કેટલાક રાજ્યમાં નવી પેન્શન યોજનાને રદ કરીને જુની પેન્શન યોજના લાગુ કરી દેવાઈ છે. રાજયની સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોના શિક્ષકો તેમજ સરકારી ટેકનિકલ કોલેજના અધ્યાપકો સહિતના વિવિધ સરકારી કર્મચારીઓ દ્વારા જુની પેન્શન યોજનાની માંગ સાથે આંદોલન શરૂ કરવામા આવ્યુ છે. જુની પેન્શન યોજનામાં સમાવીને ફિક્સ પગારી યોજના દૂર કરવા સહિતની માંગો કરવામા આવી છે. કર્મચારીઓએ આજે કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ રજૂ કર્યો હતો અને આગામી ૨૩મીએ સંયુક્ત મોરચા હેઠળ કર્મચારીઓ ગાંધીનગર ખાતે સરકાર સામે ધરણા પર ઉતરશે.

# ઝાલોદ કેસરીયાજી કોલેજ ઓફ નર્સિંગમાં વસંત પંચમીની ઉજવણી કરાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

ઝાલોદ ખાતે શ્રી કેસરીયાજી કોલેજ ઓફ નર્સીંગમા વસંત પંચમીની ઉજવણી કરવામાં આવી હતી,જેમાં મંડળના પ્રમુખ મુકેશભાઈ ડામોર, જય દશામાં વિદ્યામંદિરના આચાર્ય નીરવસિંહ વાળા, કેસરીયાજી કોલેજ ઓફ નર્સીંગના અધ્યાપકો ટ્વિંક્લબેન નિસરતા તેમજ રચનાબેન ચારેલ, તથા કોલેજના વિદ્યાર્થીઓએ સાથે મળીને વસંત પંચમીની ઉજવણી કરી હતી. ઋતુઓની રાણી વસંતના આગમનની સાથે જ જાણે કે ધરતી ખીલી ઉઠે છે. પ્રકૃતિના આ મહોત્સવ સાથે જ્ઞાન અને વિદ્યાની દેવી મા શારદાનો સંગમ છે. વસંત પંચમીના પર્વને ઉજવવા પાછળનું કારણ વસંત પંચમીના દિવસે દેવી સરસ્વતીની જ્યંતિ હોવાનું પણ માનવામાં આવે છે. કહેવાય છે કે દેવી સરસ્વતી વસંત પંચમીના દિવસે બ્રહ્માના માનસથી અવતરીત થયા હતા. વસંતના ફૂલ, ચંદ્રમા અને તુષાર જેવો તેમનો રંગ હતો. આથી આજના દિવસે આપણે માઁ શારદાનું પણ પૂજન કરીએ છે.

# નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રા.શાળાના બાળકોની સી.એચ.સી.અને પોલીસ સ્ટેશનની મુલાકાત




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

નાળ ફળીયા વર્ગ પીછોડા પ્રા.શાળાના ધોરણ ૬ થી ૮ ના બાળકો અને સ્ટાફ દ્વારા ૧૦ દિવસ બેગલેસ કાર્યક્રમ અંતર્ગત સી.એચ.સી.સંજેલી અને પોલીસ સ્ટેશનની મુલાકાત કરવામાં આવી હતી.સી.એચ.સી.માં હાજર ડોક્ટર અને સ્ટાફ દ્વારા હોસ્પિટલને લગતી તમામ પ્રવૃતિઓની માહિતી આપવામાં આવી.

સંજેલી પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પણ બાળકોને પોલીસ સ્ટેશનમાં કરવાની થતી કાર્યવાહી અને સાથે ઉપયોગમાં લેવામાં આવતા હથિયારોનો પરિચય આપવામાં આવ્યો હતો.

# વડોદરાના પૂર્વ રણજી ક્રિકેટર જસ્મીન નાયકનું નિધન થયું



। વડોદરા, તા.૧૫ ।

વડોદરામાં પૂર્વ રણજી ક્રિકેટર જસ્મીન નાયકનું ૬૭ વર્ષની વયે હાર્ટ અટેકના કારણે નિધન થયંર હતું. તેમણે પઠાણ અને પંડ્યા બંધુઓને કોચિંગ આપ્યું હતું.

હજુ બે દિવસ પહેલા જ દત્તાજીરાવ ગાયકવાડનું નિધન થયું હતું, ત્યારે હવે પૂર્વ રણજી ક્રિકેટર જસ્મીન નાયકનું નિધન થતાં ક્રિકેટ ચાહકોને વધુ એક આંચકો લાગ્યો છે. તેઓ શહેરના પંચામૃત ફ્લેટમાં રહેતા હતા. જસ્મીન નાયક બરોડા ક્રિકેટ એસોસિયેશન (બીસીએ)ના અંડર-૧૬ અને અંડર-૧૯ ટીમના સિલેક્ટર હતા.

તેમણે ઈરફાન અને યુસુફ પઠાણ તેમજ હાર્દિક અને કૃણાલ પંડ્યાને કોચિંગ આપ્યું હતું. જસ્મીન નાયકે બે ફર્સ્ટ ક્લાસ મેચ રમી હતી જેમાં તેમણે ૨૧ રન ફટકાર્યા હતા અને બે વિકેટ ઝડપી હતી. તેમનો જન્મ ૨૧ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ મહારાષ્ટ્રના વિરારમાં થયો હતો.

ભારતીય ક્રિકેટ જગતના અગ્રણી અને પૂર્વ ક્રિકેટર ડી. કે. ગાયકવાડનું ૧૩મી ફેબ્રુઆરીએ ૯૫ વર્ષની જૈફ વયે નિધન થયું હતું. દત્તાજીરાવ ગાયકવાડનો જન્મ ૧૯૨૮ની ૨૭ ઓક્ટોબરએ થયો હતો. તેઓ ભારતના પૂર્વ ઓપનિંગ બેટર અને રાષ્ટ્રીય કોચ અંશુમાન ગાયકવાડના પિતા હતા. તેઓ ઘણા દિવસથી બરોડાની એક હોસ્પિટલના આઈસીયુમાં દાખલ હતા.

# ભારત-ઈંગ્લેન્ડ ત્રીજી ટેસ્ટ રાજકોટમાં, ટેસ્ટ પહેલાં રવીન્દ્ર જાડેજા-ચેતેશ્વર પૂજારાનું સન્માન કરાયું

## રવિન્દ્ર જાડેજા અને ચેતેશ્વર પુજારા સૌરાષ્ટ્ર માટે દાયકાથી વધુ સમયથી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમે છે

। રાજકોટ, તા.૧૫ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચોની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચ પહેલા ભારતીય ટીમના ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને બેટર ચેતેશ્વર પુજારાનું સન્માન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન દ્વારા એક ભવ્ય સમારંભમાં જાડેજા અને પુજારાનું ભારતીય ટીમમાં એક દાયકા કરતાં વધુ સમયના યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. રવિન્દ્ર જાડેજા અને ચેતેશ્વર પુજારા સૌરાષ્ટ્ર માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમ્યા હતા. પુજારા તાજેતરમાં રમાઈ રહેલી રણજી ટ્રોફી ૨૦૨૩-૨૪માં પણ સૌરાષ્ટ્ર માટે રમી રહ્યો છે. ભારતીય ટીમ તરફથી રમતા પહેલા પુજારા અને જાડેજા સૌરાષ્ટ્ર માટે સાથે રમતા હતા. પુજારાએ કહ્યું, “મને હજુ પણ યાદ છે કે જ્યારે મેં આ રમત શીખવાનું શરૂ કર્યું હતું. આ મારું હોમ ગ્રાઉન્ડ છે અને જ્યારે હું પ્રથમવાર અંડર-૧૪ સ્તરે સૌરાષ્ટ્ર માટે રમ્યો હતો, ત્યારે રવિન્દ્ર અને હું સાથે હતા. મારી અંડર-૧૪ ટીમમાં પસંદગી થઈ હતી. હું ઉદાસ હતો કારણ કે હું ઘરથી દૂર જઈ રહ્યો હતો અને પછી હું ક્રિકેટ રમવા માંગતો ન હતો કારણ કે હું મારા પરિવારને મિસ કરી રહ્યો હતો. એક બાળક હોવાને કારણે, હું મારા પરિવારથી દૂર રહેવું સહન કરી શક્યો નહીં. આ રીતે મેં આ યાત્રા શરૂ કરી હતી. રવિન્દ્ર જાડેજાએ કહ્યું, અમે અંડર-૧૪ ટુર્નામેન્ટમાં સાથે રમ્યા હતા. જો હું ખોટો ન હોઉં, તો અમે પુણેમાં રમ્યા હતા. પુજારાની યાદશક્તિ સારી છે, તેથી મને લાગે છે કે તે બધું જ જાણે છે.રણજી ટ્રોફીમાં રેલ્વે સામે મેં ત્રેવડી સદી ફટકારી હતી. એક બેટર તરીકે તે મારી માટે એક અવિસ્મરણીય ક્ષણ હતી. મેં આ મેદાન પર ઘણી ફાઈફર્સ (૫ વિકેટ) લીધી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે. તેઓ તમારી સાથે ગુસ્સે થાય તે પહેલાં, પોતાની ભૂલ નો અહેસાસ કરો અને તેમને મનાવી લો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

# ૨૦૨૪-૨૫ અંદાજપત્ર અમદાવાદ મ્યુનિસિપલ કોંગ્રેસ પક્ષે ૨૯૫ કરોડના વિકાસ કાર્યોને ૫૦૬ કરોડના સુધારા સાથે ૧૨૭૬૮ કરોડનું અંદાજ પત્ર રજૂ



## ૨૯૫ કરોડના વિકાસના કાર્યો, ૫૦૬ કરોંડાના સુધારા સાથે ૧૨૭૬૮ કરોડનું અંદાજપત્ર AMC કોંગ્રેસ પક્ષે રજૂ કર્યું



। (માહિતી) ગાંધીનગર ।

વર્ષ ૨૦૨૪-૨૫નું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરે સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કરેલ રેવન્યુ અને કેપિટલ ખર્ચ રૂપિયા ૧૦૮૦૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ ઉપર સ્ટેન્ડિંગ કમિટીએ સુધારો કરી સામાન્ય સભા સમક્ષ રેવન્યુ ખર્ચ પેટે રૂ.૫૮૭૮ કરોડ અને કેપિટલ પેટે ખર્ચ રૂ. ૬૩૮૪ સાથે મળીને રૂપિયા ૧૨૨૬૨.૮૩ કરોડનું રજૂ કરેલ અંદાજપત્ર પર કોંગ્રેસ પક્ષ તરફથી આ સુધારો રજૂ કરતાં આનંદની લાગણી પ્રસરી હતી. શહેરના ૭૫ લાખથી વધુ નાગરિકોને સુખાકારીમાં વધારો થયો. વિશ્વકક્ષાની સારી પ્રાથમિક સુવિધાઓ મળે અને સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે સત્તાધારી પક્ષ રાજકારણને વચ્ચે લાવ્યા વિના પક્ષે પક્ષપાતથી ઉપર રહીને શહેર તથા પ્રજાના હિતાર્થે અમે મુકેલા સુધારાનો સ્વીકાર કરે, ૧૮૫૮માં મ્યુનિસિપાલટી ની સ્થાપના થયા બાદ ૧૯૫૦ થી અમદાવાદ નગરપાલિકામાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂપાંતર થયું ૭૩ વર્ષ પૂરા થશે આજે ગૌરવની વાત છે. સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ શહેરના પ્રમુખ તરીકે રહી અને વિકાસના કામોનો પાયો નાખી યાદગાર સેવા આપેલ તે ભૂલી શકાય તેમ નથી. વર્તમાન સમયમાં સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટી પોતાની કામ કરવાની પદ્ધતિમાં ફેરફાર કરી વિરોધ પક્ષ સાથે ચર્ચા વિચારણા કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ સુધારવા ભ્રષ્ટાચાર અટકાવવા અને પ્રજાના સંતોષ આપવા શસઘન પ્રયાસો કરવા પડશે, અમદાવાદ શહેરમાં આઈ. આઈ. એમ જેવી વિશ્વપ્રસિદ્ધ મેનેજમેન્ટ સ્કૂલ., એન.આઈ.ડી., પી.આર.એલ અને ઈસરો જેવી સંસ્થાઓ કોંગ્રેસના શાસનમાં બની હતી. અમદાવાદ શહેરના વિકાસની કેડી પર મુકનાર મેયર પણ કોંગ્રેસ પક્ષે આપેલા છે સમયાંતરે શહેરનો વિકાસ થયો તે પણ કોઈ એક વિસ્તાર કે વર્ગ માટે નહીં પણ સર્વાંગી વિકાસ કરેલ હતો. કોંગ્રેસના વિકાસના કામો આજે માઈલ સ્ટોન બનેલા છે.

અમદાવાદ શહેરમાં આઈ. આઈ. એમ જેવી વિશ્વપ્રસિદ્ધ મેનેજમેન્ટ સ્કૂલ., એન.આઈ.ડી., પી.આર.એલ અને ઈસરો જેવી સંસ્થાઓ કોંગ્રેસના શાસનમાં બની હતી. અમદાવાદ શહેરના વિકાસની કેડી પર મુકનાર મેયર પણ કોંગ્રેસ પક્ષે આપેલા છે સમયાંતરે શહેરનો વિકાસ થયો તે પણ કોઈ એક વિસ્તાર કે વર્ગ માટે નહીં પણ સર્વાંગી વિકાસ કરેલ હતો. કોંગ્રેસના વિકાસના કામો આજે માઈલ સ્ટોન બનેલા છે.

**શહેરીજનોને આપેલા વચાનો પાડીશક્યા નથી**

છેલ્લા કેટલાય વર્ષોથી બજેટમાં શહેરીજનોને અમદાવાદ શહેરને થર્ડ ફાસ્ટેસ્ટેટ સીટી ઈન ધ વર્લ્ડ, ગ્રીન સીટી- ક્લીન સીટી, લવેબલ અને લિવેબલ સીટી, ડસ્ટ ફ્રી સીટી, પોલ્યુશન ફ્રી સીટી, ઝીરો વેસ્ટ સીટી, સ્માર્ટ સિટી, સ્વચ્છ અને સ્વાસ્થ્ય સીટી, ક્લીનએસ્ટ સીટી ઓફ ઈન્ડિયા ભારેખમ વચ્ચેનો આપ્યા હતા મોટાભાગના વચનો પાડી શક્યા નથી શહેરને સ્વચ્છ સુંદર બનાવવાના સપના બનાવટી પુરવાર થયા છે.

**સતાધાર બીજેપીએ ૨૦૨૪-૨૫ રજૂ કરેલ બજેટમાં પાછલા વર્ષની નિષ્ફળતાઓ દર્શાવે છે**

૨૫૦ કરોડના ખર્ચે દરેક વોર્ડમાં બે નવા વ્હાઈટ ટોપીંગ રોડ, વી એસ હોસ્પિટલનું નવીનીકરણ, જુના બ્યુટીફિકેશન કરવા, નવા સમયના વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ, દસ કરોડના ખર્ચે ઝોન દીઠ મહિલાઓ માટે એક યોગ યોગા કમ મેડિટેશન સેન્ટર, દસ કરોડના ખર્ચે સ્કેન સ્કેલ ખરીદવા, સાબરમતી નદી સ્વચ્છ કરવા, વરસાદી પાણીનો ત્વરિત નિકાલ, મહિલાઓ માટે પિંક ટોયલેટ અને પિંક બસો, કોર્પોરેશનની તમામ મિલકતો પર સોલર સિસ્ટમ, સારંગપુર તથા કાલુપુર બ્રિજ પહોળું કરવા, પ્રો વિસ્તારમાં ૧૦૦ બેડ ની રેફરલ હોસ્પિટલ, મ્યુ. શાળાના બાળકોને સ્માર્ટફોન આપવા જેવા વાયદાઓ રોકાણ સાબિત થયા સ્વચ્છ અને સુંદર શહેર બનાવવાના સપના બનાવટી પરવાર થયા છે

**AMC માં ભાજપના આગમનથી કાંડ, કોભાંડ, ભ્રષ્ટાચાર સામન્ય બન્યોઃ શહેજાદ ખાન**

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીનું આગમન સાથે કાંડ, કૌભાંડ, હત્યાકાંડ, ભ્રષ્ટાચાર સાવ સામાન્ય બની ગયા છે. દરેક વિભાગમાં કૌભાંડ અને ભ્રષ્ટાચાર છે. હાટકેશ્વર બ્રિજના કામમાં થયેલ ભ્રષ્ટાચાર, રોડ રિસર ફેસના કરોડો રૂપિયાના કામોમાં હલકી ગુણવત્તાવાળા કામો થયા, કાંકરિયા વોટરપાર્ક, વસ્ત્રાપુર એમ્યુઝમેન્ટ પાર્કના કોન્ટ્રાક્ટરોના ભૂતકાળ વિવાદ હોવા છતાં તેને બ્લેક લિસ્ટ કરવાના બદલે વધુ કામો આપ્યા, ભ્રષ્ટાચારની કારણે નાણાકીય સ્થિતિ ખાડે જેવી વિકાસ કાર્યો કરવા માટે કોર્પોરેશનનું દેવું કરવું પડેલ છે, કમિશનર ના બજેટમાં કાપ મુકવા પડે છે

**પીવાના પાણીના પ્રશ્નોએ માઝા મૂકી**

શહેરના નાગરિકો ત્રાહિમમાં પોકારી ગયા છે. પીવાના પાણીના પ્રશ્નોએ માઝા મૂકી છે. ઘણી જગ્યાએ પાણીનું ઓછું પ્રેશર છે તો અમુક વિસ્તારમાં પાણી બિલકુલ મળતું નથી, વરસાદની પાણી નિકાલની પૂરતી સગવડ નથી અડધો ઈંચ વરસાદમાં વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામે છે, ગટોરુ ભ્રવાની અસંખ્ય સમસ્યાઓને ફરિયાદ ઊભી છે ઠેર ઠેર કચરાના ઢગલા દેખાય છે, સફાઈ નિયમિત થતી નથી ટી.પી રોડ ઉપર લાઈટો બંધ હાલતમાં, રસ્તો ઉપર ખુદ કમ અસંખ્યમાં, ખાડા પુરાવા કે રીસરફેસીગ થતું નથી. એક તરફ કોર્પોરેશન સ્વચ્છતા સર્વેક્ષણના નામે કરોડો રૂપિયાનો વ્યય કરે છે તો બીજી બાજુ શહેરને સ્વચ્છ રાખવા દર વર્ષે અંદાજે ૯૦૦ કરોડના ખર્ચે કરવામાં આવતો હોવા છતાં અમદાવાદ શહેર સમગ્ર દેશમાં ૧૫માં નંબર ઉપર છે. સાબરમતી દેશની સૌથી પ્રદુષિત નદીમાં આવે છે, ગરીબ મધ્યમ વર્ગના લોકોને પ્રાથમિક સુવિધાઓ મળતી નથી.

**૨૦૨૪-૨૫ના કોંગ્રેસ પક્ષે સુધારા રજૂ કરાયા સ્ટેન્ડિંગ કમિટીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વર્ષ ૨૦૨૪ ૨૫ ના અંદાજપત્ર મંજૂર કરેલ અંદાજપત્ર સુખાકારીના વધારા સાથે વિકાસના કમો રજૂ કરેલ છે**

**૧) સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નાખવા**

શહેરમાં નાખવામાં આવેલ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ અપૂરતી જેને કારણે ચોમાસામાં પશ્ચિમ વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે. ચોથી વધુ ટેકસની આવક આ વિસ્તારમાંથી મળે છે. વરસાદી પાણી ભરાવાના કારણે આ વિસ્તારના રોગચાળો અને ગંદકીના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. કોમર્શિયલ એકમોમાં આવેલ ખાનગી મિલકતોને પણ નુકસાન થાય છે.

અનુકૂળ ક્ષેત્ર ફળ ૪૮૦.૮૮ ચો. કિ . મી વિસ્તારમાં વરસાદી પાણી નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઈન નેટવર્ક ૯૫૦ કિ.મી નું છે. ૩૦ થી ૩૫% નેટવર્ક પશ્ચિમ વિસ્તારમાં અને ૬૫ થી ૭૦% નેટવર્ક પૂર્વ વિસ્તારમાં છે. શહેરમાં છેલ્લા એક દાયકામાં સરખેજ, સિંધુભવનરોડ, પ્રહલાદનગર, બોડકદેવ, વસ્ત્રાપુર સહિત વિસ્તારોમાં નવી સ્ટ્રોમ વોટર લાઈન નાખવાના નામે કામગીરી થઈ નથી

**૨) જર્જરીત આવાસોનું રીડ ડેવલોપમેન્ટ**

શહેરમાં મોટી સંખ્યામાં ક્વોટર્સ મુકતે કોર્પોરેશન સ્ટાફ માટે ઉપલબ્ધ થાય તે માટે જે તે સમયે બાંધવામાં આવેલ હતા તે કોર્ટનો સમય જરૂરી રીપેરીંગ નહીં કરતા હાલ પૂર્વ ઝોનના ૭૬૯ આવાસોના ૧૫૦૪ આવા છો દક્ષિણ ઝોનના ૩૧૯૭ આવાસો ઉત્તર ઝોનના ૧૨ ૪૮ આવશો શહેરના કુલ ૨૬ જગ્યાઓ ૬૭૬૮ જર્જરીત હાલતમાં ભયજનક સ્થિતિમાં છે. જેમાં મોટાભાગના કોટર્સ ૫૦ થી ૬૦ વર્ષ જૂના છે. જેને કારણે કોઈ મોટી જાનહાની થવાની સંભાવના ન કરી શકાય નહીં, રજાજનોનું જાનનું જોખમ વધતું જાય છે. કોટર્સનું રી ડેવલોપમેન્ટ થાય તે માટે કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે

**૩) સફારી પાર્ક તથા ડ્રાઈવસીટી પાર્ક વિકસાવવા**

વન્ય પશુ પક્ષીઓ જેવા ગિરના જંગલમાં કેવડિયા કોલોની જેવું ન પડે અને ઘર આંગણે મનોરંજન મળી રહે તે માટે જંગલ સફારી તથા જંગલ સફારી પાર્ક તથા બાયો ડ્રાઈવ સીટી પાર્ક બનાવવું જોઈએ તેના કારણે ટુરિસ્ટો વધુ આવતા લોકોને રોજગારી પણ મળી રહે અને મનોરંજન પણ મળી રહે તેવા ઉમદા હેતુ ગેસપુર ખાતે ૫૦૦ એકરની જમીનમાં જંગલ સફારી પાર્ક તથા બાયો ડાયલ સીટી પાર્ક બનાવવા માટે પ્રાથમિક તબક્કા અંદાજપત્રમાં રૂપિયા ૨૫ કરોડ ફાળવવાનું આવે છે.

**૪) ઝોન દીઠ બોક્સ ક્રિકેટ માટે પ્લેગ્રાઉન્ડ વિકાસ કરવો**

બાળકોને રમતગમત માટે ખુલ્લા અને મોટા મેદાન મળતા નથી તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અને વિવિધ ટીપી સ્કીમોમાં ઓપન સ્પેસ માટે રિઝર્વ કરાયેલા પ્લોટોના ટાંકી દે કબજો લેવા અને જોન દીઠ એક મોટો મેદાન ખુલ્લો કરાવીને બોક્સ ક્રિકેટ માટે જરૂરી ફેન્સીંગ કરવી

**૫) ગામ તળ મોડલ**

અમદાવાદ શહેર મેન્ગા સીટી સાથે હેરિટેજ સિટી બનેલ છે. શહેરમાં આવેલ ગામ તળના જુદા સ્થળો આવેલા પુરા અથવા જુના સ્થાપત્ય વાવ, દરવાજા જૂની શૈલી મકાન, મંદિરો, મસ્જિદો કે અન્ય ધાર્મિક સ્થળો જેવી ઈમારતો આવેલી છે. સ્માર્ટ સિટી અમદાવાદના વિવિધ ગામ તોડવાની વિસ્તારોને વિકાસ કરવા જરૂરી છે, ગામતળ માટે હેરિટેજ વેલ્યુ જાળવવા માટે તેનું જતન તેમજ સુરક્ષા તથા જાળવણી કરવી તે માત્ર જરૂરી નહીં પણ આપણા સૌની ફરજ પણ છે જેથી જોહન દીઠ એક ગામ તળ મોડલ ગામ તરીકે વિકસાવવા માટે કુલ ૨૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**૬) ઇમ્પેક્ટ ફી ફિર વિચારણા અમલીકરણ નિયમો**

પાંચ લાખથી વધુ મકાનો પ્લાન મંજૂરી વગર બની ગયા છે મકાનોની બી.યુ પરમિશન આપી નથી. કેટલાક મકાનો ગેરકાયદેસર બનેલ છે. આવા મકાનમાં વર્ષોથી નાગરિકો વસવાટ કરે છે. આ બાબતે ટાઉન પ્લાનિંગ ખાતા દ્વારા બાંધકામ દૂર કરવા કાર્યવાહી ચાલુ છે. કોર્ટમાં કેસો મૂકવામાં આવે છે. આ બાબતોનું નિકાલ કરવા રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ના નિયમો બનાવીને કોર્પોરેશનને મોકલેલ છે. જેથી ગંભીરતાપૂર્વક વિચારી ઈમ્પેક્ટ વિના કેસોને તાકીદે નિકાલ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવમાં છે

**૭) નશા કોરી મુખ અમદાવાદ માટે રિહેબ સેન્ટર બનાવવા**

આજના યુવા વર્ગ તેમજ ઘણા લોકો દારૂ, ચરસ, ગાંજો એમડી, જેવી નશાકારક ચીજોનો વ્યસન ખૂબ વધ્યો છે તેથી યુવાનો ખોટા રવાડે ચડી તેઓ તેમના પરિવારનું જીવન દુષ્કર બનાવી રહ્યા છે. નશા કોરી મુક્ત અમદાવાદ માટે રિહેબ સેન્ટર બનાવવા માટે અંદાજપત્રમાં કુલ બે કરોડ ફાળવવાની જોગવાઈ છે.

**ખાસ લેખ**

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે સ્પર્ધાના વિજેતાઓને 'બેસ્ટ સાંસ્કૃતિક સ્પીકર ઓફ ગુજરાત'ના એવોર્ડ અપાયા**

# અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાની 'ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા' યોજાઇ







। (માહિતી) અમદાવાદ ।

શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયા, 'સેવ કલ્ચર સેવ ભારત' ફાઉન્ડેશનના સંસ્થાપક ઉદય માહુરકરની પ્રોત્સાહક ઉપસ્થિતિ

રાષ્ટ્રીય સેવા યોજના, ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અને 'સેવ કલ્ચર સેવ ભારત' ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે રાજ્યવ્યાપી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે યુવા પેઢી સક્રિય બને તેવા ઉદ્દેશથી રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ, રાષ્ટ્રીય સેવા યોજના અને 'સેવ કલ્ચર સેવ ભારત' ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાજ્યસ્તરની સ્પર્ધાના વિજેતાઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયા, 'સેવ કલ્ચર સેવ ભારત' ફાઉન્ડેશનના સંસ્થાપક ઉદય માહુરકરના હસ્તે પુરસ્કાર અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ભારત દેશ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. એટલું જ નહીં અહીં તમામ તહેવારો હર્ષ- ઉલ્લાસથી ઊજવાય છે. આપણે ત્યાં દિવાળી કરતાં ક્યાંક ૩૧ ડિસેમ્બર જેવા પશ્ચિમી તહેવારોનું મહત્ત્વ ન વધી જાય તેની તકેદારી સૌએ રાખવાની જરૂર છે. આવી સાંસ્કૃતિક વક્તૃત્વ જેવી સ્પર્ધાઓ યુવાનોને એ બાબતે વધારે જાગૃત કરશે, એવી આશા છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનું વ્યક્તિત્વ આજે એટલું મોટું છે કે તેમના દરેક શબ્દ અને દરેક બાબત સૌને કંઈક નવું શીખવે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતાના યુએઈના પ્રવાસ દરમિયાન પણ સાંસ્કૃતિક બાબતોને લઈને દેશ અને દુનિયાને સંદેશો પણ આપ્યો છે. આજે પણ આધ્યાત્મિકતાના પાઠ શીખવા દુનિયાના લોકોએ ભારત આવવું પડે છે, એ જ આપણી સાંસ્કૃતિક ઓળખ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈના સંકલ્પને મજબૂતાઈથી આગળ વધારવાનું કામ ગુજરાતે કર્યું છે. એક ભારત શ્રેષ્ઠ ભારત બનવા માટે આપણે સંસ્કૃતિનો પાયો મજબૂત બનાવવો પડશે તો જ વિકસિત ગુજરાત થકી આપણે શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરી શકીશું. સંસ્કૃતિ મજબૂત હશે તો વિકસિત ભારતનું નિર્માણ અવશ્ય થશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજે સોશિયલ મીડિયા ઉપર જે ડિજિટલ નેગેટિવિટીના રૂપમાં આતંકવાદ પીરસવામાં આવી રહ્યો છે, તેને આપણે સૌએ ભેગા મળીને દૂર કરવો પડશે. બાળકના માતા- પિતાએ પણ બાળકોને આ ડિજિટલ નેગેટિવિટીથી દૂર રાખવા વિશેષ તકેદારી રાખવી પડશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌને વસંતપંચમીની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોને યાદ કરી પાંચમી પૂણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ અવસરે રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાએ ચારિત્ર્ય નિર્માણ અંગે વાત કરતા કહ્યું કે, ચારિત્ર્ય નિર્માણ એ ભારતના શિક્ષણનો મૂળ ઉદ્દેશ છે. આવનાર સમયમાં ચારિત્ર્ય નિર્માણની ખૂબ જરૂરી પડવાની છે અને એમાં આજનો આ કાર્યક્રમ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવશે. શિક્ષણ રાજ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થઈ રહ્યું છે, એક ભારત શ્રેષ્ઠ ભારત એ આપણી સંસ્કૃતિ પણ છે, એટલે જ આજે સમગ્ર દુનિયામાં ભારત મજબૂતાઈથી આગળ વધી રહ્યું છે.

આ પ્રસંગે સેવ કલ્ચર અને સેવ ભારત ફાઉન્ડેશનના સ્થાપક શ્રી ઉદય માહુરકરે જણાવ્યું હતું કે, આજે આપણી સંસ્કૃતિ માટે મોટો પડકાર ઊભો થયો છે. સોશિયલ મીડિયા, ઓટીટી જેવા માધ્યમ, ફિલ્મો તથા ઘણી બધી એપ્સમાં અનેક પ્રકારની વિકૃતિઓ દર્શાવાઈ રહી છે, તે ચિંતાનો વિષય છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં શ્રી માહુરકરે જણાવ્યું કે, આવાં માધ્યમો સામે અમે કાયદાકીય રીતે લડી રહ્યા છીએ અને લોકોમાં જાગૃતિ લાવવાનું પણ કામ કરી રહ્યા છીએ.


શ્રી માહુરકરે ગૌરવભેર જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ અમારા આ કાર્યમાં સહકાર આપવાનો નિર્ધાર કરી એમને પ્રોત્સાહિત કર્યા છે. આગામી દિવસોમાં અમે રાજ્યના બીજાં શહેરોમાં પણ સંસ્કૃતિને બચાવવા આ પ્રકારના કાર્યક્રમ કરીશું. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતે અનેક ક્ષેત્રે પ્રગતિનાં શિખરો સર કર્યાં છે. આજે દેશ-વિદેશમાં ભારતની પ્રતિષ્ઠા વધી રહી છે, તે ગૌરવની બાબત છે. તેમણે રાષ્ટ્રનિર્માણના કામમાં સૌને સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. નીરજા ગુપ્તાએ સ્વાગત પ્રવચન કરી સૌ લોકોને આવકાર્યા હતા. તેમણે ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા વિશે વિસ્તૃત જાણકારી આપી કહ્યું હતું કે, આજનો દિવસ અનેરો છે. કોલેજના યુવા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ અંગે જાગૃતિ લાવવા અને વકતૃત્વ – નેતૃત્વ કળાના ગુણોને વિકસાવવા ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું છે. ડૉ.નીરજા ગુપ્તાએ ભારપૂર્વક જણાવ્યું કે, વિકસિત ભારત સાચા અર્થમાં ત્યારે જ બનશે જ્યારે ભારતની સંસ્કૃતિને વિકૃત થવા ન દઈએ અને તેની જવાબદારી યુવાનોની છે.

આગામી સમયમાં ૧.૩૦ લાખ થી વધુ જગ્યાઓ ભરવાની દરખાસ્ત

# વર્ષ ૨૦૨૪માં કુલ ૨૧૦૮૪ જગ્યાઓ પર ભરતીનું આયોજન

**વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીના ભરતી કેલેન્ડર બનાવવાની પ્રક્રિયા હાલ ચાલુ છે, વિવિધ વિભાગોની કુલ ૩૫,૦૩૮ જગ્યાઓ પર ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવી**



। (એજન્સી)ગાંધીનગર, તા.૧૫ ।

આ ઉપરાંત વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીના ભરતી કેલેન્ડર બનાવવાની પ્રકિયા હાલ ચાલુ છે જેમાં આગામી સમયમાં ૧.૩૦ લાખ થી વધુ જગ્યાઓ ભરવાની દરખાસ્ત પ્છ઼ઙ્ઘને મળી છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલી ભરતી વિશે માહિતી આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોની કુલ ૩૫,૦૩૮ જગ્યાઓ પર ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવી છે. જેમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ માટે ૩૭૮૦ ઉમેદવારો, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા વર્ગ-૩ની જગ્યાઓ માટે ૬,૪૦૮, પોલીસ ભરતી બોર્ડ ધ્વારા વર્ગ-૩ની જગ્યાઓ માટે ૧૨,૧૪૫, પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ૧૨,૭૦૫ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષ ૨૦૨૪માં કુલ ૨૧,૦૮૪ જગ્યાઓ ભરવા માટે પણ વિવિધ ભરતી બોર્ડ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૭,૪૫૯ જગ્યાઓ, પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૧૨,૦૦૦, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૧,૬૨૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. મંત્રીએ વધુમાં ઉમેર્યુ હતુ કે, કેન્દ્ર સરકારના ઓક્ટોબર-૨૦૨૩માં પ્રસિધ્ધ થયેલ આંકડા પ્રમાણે દેશમાં હાલ બેરોજગારીનો દર ૩.૨ ટકા છે. જેની સામે ગુજરાતમાં બેરોજગારીનો દર માત્ર ૧.૭ ટકા છે. ડિસેમ્બર-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩,૧૦,૫૯૦ બે વર્ષમાં ૫,૮૫,૩૯૦ અને છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૪,૪૩,૭૯૦ લોકોને રોજગારી આપવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ.

# ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧ મહિનો વહેલાં જાહેર થશે

## બોર્ડની પરીક્ષામાં મોટો ફેરફાર, એપ્રિલના બીજા કે ત્રીજા અઠવાડિયામાં પરિણામ જાહેર થઈ શકે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

આ વર્ષે બોર્ડની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડનું પરિણામ ૧ મહિના વહેલું જાહેર થશે. ચાલુ વર્ષે પેપર મૂલ્યાંકનમાં અનેક ફેરફારના લીધે પરિણામ વહેલા આવશે. વહેલા પરિણામથી ઉચ્ચ અભ્યાસમાં એડમિશન પ્રક્રિયા ઝડપી થશે. માર્ચ ૨૦૨૪ની પરીક્ષાનું પરિણામ અપ્રિલના બીજા કે ત્રીજા સપ્તાહમાં આપવાની બોર્ડની તૈયારી છે.

ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકન કામગીરીમાં મોટો ફેરફાર કરાયો છે. આ આયોજન મુજબ હવે ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું પરિણામ દર વર્ષની સરખામણીએ દોઢ મહિના વહેલુ જાહેર થશે. એટલે કે તારીખ ૧૫ થી ૨૦ એપ્રિલની વચ્ચે પરિણામ આપી દેવામાં આવશે. પરિણામ વહેલા આપવાથી ઉચ્ચ અભ્યાસમાં થતા પ્રવેશની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા બહુ જ મહત્વની ગણવામાં આવે છે. ત્યારે આ પરીક્ષાની પ્રોસેસ બહુ જ લાંબી હોય છે. પરીક્ષાના પરિણામની પણ લાંબી રાહ જોવી પડે છે. જેથી તેની અસર તેના બાદના એડમિશન પ્રોસેસ પર થાય છે. તેથી આ પ્રોસેસ ઝડપી બનાવવા માટે બોર્ડનું પરિણામ વહેલુ આપવામાં આવશે. આ વર્ષે બોર્ડનું પરિણામ



સવાથી દોઢ મહિનો વહેલુ એટલે કે ૨૦ એપ્રિલ પહેલા જાહેર થઈ જાય તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે લગભગ બે મહિના જેટલા લાંબા ગાળા બાદ પરિણામ આપવામાં આવ્યુ હતું. ત્યારે હવે નવા આયોજન મુજબ, પરીક્ષા પૂર્ણ થતાના માત્ર ૨૦ દિવસમાં પરિણામ જાહેર થઈ જશે. આ વખતે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચ, ૨૦૨૪ થી શરૂ થશે. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સની પરીક્ષા તારીખ ૨૨ માર્ચના રોજ અને ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા ૨૬ માર્ચના રોજ પૂર્ણ થશે. એ બાદ ૧૫ થી ૨૦ એપ્રિલ દરમિયાન પરિણામ જાહેર કરવામાં આવશે.

તેમના અંતિમ દર્શન માટે સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરના ભાવિકો બગદાણા ખાતે પહોંચી રહ્યા છે

# બગદાણા બજરંગદાસ બાપાના અનન્ય સેવક મનજીદાદાનું નિધન

। (એજન્સી) બગદાણા, તા.૧૫ ।

સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ તિર્થધામ બગદાણાના બાપા સિતારામ ગુરૂ આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી અને બજરંગદાસ બાપાના અનન્ય સેવક મનજીદાદાનું આજે(બુધવાર) સવારે નિધન થયું છે. મનજીદાદાના નિધનથી ભાવિકોમાં શોકની લાગણી પ્રવર્તી જવા પામી છે. તેમના અંતિમ દર્શન માટે સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરના ભાવિકો બગદાણા ખાતે પહોંચી રહ્યા છે. તેમના દીકરા જનક કાછડિયા દ્વારા જણાવાયું છે કે, મનજીદાદા આજ રોજ (તા.૧૪-૦૨-૨૦૨૪) પરમશકિત પરમાત્મામાં વિલીન થઈ ગુરુચરણ પામેલ છે.

પૂજ્ય મનજીદાદાના પાર્થિવ દેહના અંતિમ દર્શન બગદાણામાં આજે સાંજે ૪:૦૦ કલાકથી આવતીકાલ (૧૫-૦૨-૨૦૨૪) બપોરે ૩:૦૦ કલાક સુધી રાખેલ છે. ત્યારબાદ પૂજ્ય દાદાની અંતિમ યાત્રા બગદાણામાં આવતીકાલે



બપોરે ૩:૦૦ કલાકે નીકળશે. પૂજ્ય મનજીદાદા સંત શિરોમણી પરમ પૂજ્ય બજરંગદાસ બાપાના અનન્ય સેવક હતા. બાપા સિતારામના પરલોક ગમન બાદ તેઓની સ્મૃતિમાં મનજીદાદાએ બગદાણામાં ગુરૂ આશ્રમની સ્થાપના કરી હતી. જે હાલ માત્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં એક પવિત્ર તિર્થધામ બની ગયું છે. બગદાણાના ગુરૂ આશ્રમ ખાતે દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. અહીં કોઈપણ નાત-જાતના ભેદભાવ વિના ભાવિકોને ભોજન સ્વરૂપે પ્રસાદ પીરસવામાં આવે છે.

# પાલનપુરના ચિત્રાસણી નજીક એસટી બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત થયો

। (માહિતી) પાલનપુર, તા.૧૪ ।

ગુજરાતમાં વારંવાર માર્ગ અકસ્માતની ઘટના બનતી હોય છે. હજુ પણ ગુજરાતમાં માર્ગ અકસ્માતનો સીલસીલો યથવાત છે. બનાસકાંઠાના પાલનપુર નજીક એક એસટી બસને અકસ્માત નડ્યો છે. જેમાં બે મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. હાલ અંબાજીમાં ગબ્બર પરિક્રમા મહોત્સવ ચાલી રહ્યો છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ૫૧ શક્તિપીઠ પરીક્રમા મંદિરના દર્શનનો લાભ લેવા પહોંચી રહ્યા છે. આ શ્રદ્ધાળુઓ પણ દર્શન કરવા જઈ રહ્યા હતા. જે દરમિયાન તેમના બસને અકસ્માત નડ્યો છે. બનાસકાંઠાના પાલનપુરના ચિત્રાસણી નજીક એસટી બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો છે. મળતી માહિતી પ્રમાણે શ્રદ્ધાળુઓ એસટી બસમાં સવાર થઈને અંબાજી પરિક્રમામાં જતા હતા. અકસ્માતમાં ૨ જેટલા શ્રધ્ધાળુને સામાન્ય ઈજા પહોંચી છે. તો ૩૦ જેટલા પેસેન્જરનો આબાદ બચાવ થયો છે. બનાસકાંઠાના પાલનપુરના ચિત્રાસણી નજીક એસટી બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો છે. મળતી માહિતી પ્રમાણે શ્રદ્ધાળુઓ એસટી બસમાં સવાર થઈને અંબાજી પરિક્રમામાં જતા હતા. અકસ્માતમાં ૨ જેટલા શ્રધ્ધાળુને સામાન્ય ઈજા પહોંચી છે. તો ૩૦ જેટલા પેસેન્જરનો આબાદ બચાવ થયો છે.

# રાજકોટમાં સગર્ભા મહિલાની પ્રસૂતિ બાદ મોત નિપજતા વિવાદ સર્જાયો

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

રાજકોટમાં સગર્ભા મહિલાની પ્રસૂતિ બાદ મોત નિપજતા વિવાદ સર્જાયો છે. તબીબોની બેદરકારીને કારણે પ્રસૂતાનું મોત નિપજ્યું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. રાજકોટના થોરાળા વિસ્તારમાં રહેતા નંદિની રાઠોડ નામની મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા તેને સૌપ્રથમ સતનામ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રાજકોટમાં સગર્ભા મહિલાની પ્રસૂતિ બાદ મોત નિપજતા વિવાદ સર્જાયો છે. તબીબોની બેદરકારીને કારણે પ્રસૂતાનું મોત નિપજ્યું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. રાજકોટના થોરાળા વિસ્તારમાં રહેતા નંદિની રાઠોડ નામની મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા તેને સૌપ્રથમ સતનામ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં બાળકનો જન્મ થયા બાદ પ્રસૂતાની તબિયત લથડી હતી. આથી તેને વધુ સારવાર માટે જલારામ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહીં તેમનું મોત નિપજ્યુ હતુ.પરિવારજનોએ સતનામ અને જલારામ એમ બંને હોસ્પિટલમાં તબીબી બેદરકારીને કારણે પ્રસૂતાનું મોત નિપજ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. તબીબોએ સારવારને બદલે રૂપિયાની માંગણી કરી અને છેલ્લી ઘડી સુધી દર્દીને મળવા દેવામાં ન આવ્યા હોવાનો પણ દાવો કર્યો હતો. પરિવારજનોના આક્ષેપ બાદ પોલીસે મહિલાના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. તબીબોએ સારવારને બદલે રૂપિયાની માંગણી કરી અને છેલ્લી ઘડી સુધી દર્દીને મળવા દેવામાં ન આવ્યા હોવાનો પણ દાવો કર્યો હતો. પરિવારજનોના આક્ષેપ બાદ પોલીસે મહિલાના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# પાટણમાં એક જ દિવસમાં ૨ મોટા અકસ્માત, ૬ લોકોના મોત થયા



। (એજન્સી) પાટણ, તા.૧૫ ।

રાજ્યમાં દિવસેને દિવસે રોડ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે પાટણમાં એક જ દિવસમાં ૨ મોટા અકસ્માતમાં ૬ લોકોએ જિંદગી ગુમાવી છે. છેલ્લા ૧૨ કલાકમાં પાટણ જિલ્લામાં બીજો મોટો અકસ્માત થયો છે. ગત મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. તે ઘટનાને હજું કળ પણ વળી નહોતી ત્યાં આજે બપોરે ઝાડ સાથે કાર ટકરાતાં થયેલા અકસ્માતમાં વધુ ત્રણ લોકો મોતને ભેટ્યા છે. આમ બંને અકસ્માતમાં કુલ ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, પાટણમાં એક જ દિવસમાં બીજી અકસ્માતની ઘટના સામે આવી છે. ચાણસ્મા-હારીજ માર્ગ પર બપોરે ૨:૩૦ વાગ્યા આસપાસ વરાણાથી દર્શન કરીને પરત ફરી રહેલી અલ્ટો કાર વૃક્ષ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક, કાર ચાલક અને કારમાં સવાર યુવતી એમ ત્રણના કરુણ મોત નીપજ્યા છે. જ્યારે કાર સવાર ત્રણ લોકો ઈજાગ્રસ્ત બન્યા થયા છે. જેમને ૧૦૮ દ્વારા ચાણસ્મા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટનાના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં ભોગ બનનાર મૃતકોના નામ સામે આવ્યા છે. જેમાં પટેલ મનોજભાઈ હેમરાજભાઈ (ઉવ.૪૫. કાર ચાલક), પટેલ વિશ્વાબેન કનુભાઈ (ઉવ.૨૨. કારમાં સવાર યુવતી) અને ઠાકોર રામાજી વાઘાજી (ઉવ.૫૦. બાઈક ચાલક)નો સમાવેશ થાય છે, જ્યારે કારમાં સવાર ઈજાગ્રસ્તોના નામની વાત કરીએ તો પટેલ અંજનાબેન કનુભાઈ (ઉવ.૪૨), પટેલ ધ્રૃવાંગ કનુભાઈ (ઉવ.૧૮) અને પટેલ શિવાન્યા કનુભાઈ (ઉવ.૦૭)નો સમાવેશ થાય છે. મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની પાટણમાં મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની હતી. અજાણ્યા કાર ચાલકે ૩ પદયાત્રીઓને કચડ્યા હતા. જેમાં ૩ મહિલાઓના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. આ ત્રણેય મહિલાઓ એક જ પરિવારની હતી. આંબલા ગામનો ઠાકોર પરિવાર ખોડિયાર માતાના દર્શને જવા નીકળ્યો હતો, ત્યારે અજાણી ગાડીએ તેમને ટક્કર મારી હતી. જેમાં અન્ય પાંચ પદયાત્રી ઈજાગ્રસ્ત થયા છે. મહેન્દ્રભાઈ ઠાકોર (ઉમર ૨૫), રાહુલભાઈ મગનજી ઠાકોર (ઉમર ૧૮), નિલેશભાઈ પ્રભાતભાઈ ઠાકોર (ઉમર ૧૩), સવિતાબેન નાગજીજી ઠાકોર (ઉમર ૪૫), સંદેશભાઈ માનસીંગભાઈ ઠાકોર (ઉમર ૧૮)બેચરાજીના અંબાલા ગામનો ઠાકોર પરિવાર વરાણા ખોડિયાર માતાનાં મંદિરે પગપાળા જઈ રહ્યો હતો. પરિવાર ચાલતો ચાલતો હારીજ-ચાણસ્મા હાઈવે પર પહોંચ્યો ત્યારે મોડી રાતે એક અજાણી ટ્રકે પદયાત્રીઓને અડફેટે લીધા હતા. અજાણ્યા વાહન ચાલકે મોડીરાત્રે પદયાત્રીઓને અડફેટે લઈ રફૂચક્કર થઈ ગયો હતો. આ અકસ્માતથી હાઈવે પર લોહીની નદીઓ વહી હતી. એક જ પરિવારની ત્રણ મહિલાઓના મોતથી હાઈવે પર આક્રંદ જોવા મળ્યુ હતું. તો બીજી તરફ, પરિવારના ઘાયલ લોકો રસ્તા પર તરફડિયા મારતાહ તા. તેમને ગંભીર રીતે ઈજાગ્રસ્તો પદયાત્રીઓને ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. તો બીજી તરફ, હારીજ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી છે. અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરાઈ છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨